fmpb
# FMPB ફસલ
Volume 15
Issue 8
August 2025


**કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો. ફિલિપ્પી ૪:૬**



# પ્રાર્થના



## પ્રાર્થનામાં ઈશ્વરની સાથે વધારે સમય ગાળીએ



# સ્વર્ગના દ્વાર ખટખટાવો



ગંભીર બિમારી હોવા છતાં, સ્કોટલેન્ડમાં પ્રેસ્બિટેરિયન મંડળીના સ્થાપક જહોન નોક્સે તેમની પત્નીને યોહાનના પુસ્તકનો ૧૭ મો અધ્યાય વાંચવા કહ્યું, જ્યાં તેમણે પ્રથમ ‘‘પોતાનું લંગર નાખ્યું’’ હતું. ઈસુની પ્રાર્થનાથી સામર્થ્ય પ્રાપ્ત કરીને, તેમણે અધર્મી, નવા પરિવર્તિત થયેલા અને પ્રભુના સેવકોના રક્ષણ માટે મધ્યસ્થી કરવાનું શરૂ કર્યું, જેમાંથી ઘણા સતાવણીનો સામનો કરી રહ્યા હતા. જ્યારે નોક્સે પ્રાર્થના કરી, તેમનો આત્મા ઈશ્વર સાથે રહેવા માટે ગયો. એક એવો માણસ જેના વિષે રાણી મેરીએ કહ્યું હતું કે, ‘‘હું મારા દુશ્મનોના સૈન્ય કરતા તેમની પ્રાર્થનાથી વધુ ડરુ છું,’’ તેમના મૃત્યુની ક્ષણ સુધી પ્રાર્થના દ્વારા સેવા આપી.

પ્રાર્થના એ ઈશ્વર તરફથી આપણને મળતી અદ્રશ્ય શક્તિ છે. પ્રાર્થના આપણા જીવનના દરેક ભાગમાં ઈશ્વરને આમંત્રણ આપી રહી છે — આપણી આશાઓ, ડર, સ્વપ્નો અને પીડા. તે ફક્ત વિનંતીઓની સૂચિ રજૂ કરી રહ્યું નથી, પરંતુ તેની સાથે સંબંધ બનાવશે. રિલેશનલ પ્રાર્થનાનો અર્થ એ છે કે આપણા દિનચર્યાઓ, મુસાફરી, કાર્ય અથવા આરામ, આપણા સમગ્ર દિવસ દરમિયાન ઈશ્વર વિષે વાત કરવી, સાંભળવું અને વિચારવું.

એફએમપીબીનું છઠ્ઠું નૈતિક મૂલ્ય **“પ્રાર્થના”** છે (ફિ ૪:૬). પ્રાર્થના એ અમારી સંસ્થાની જીવનરેખા અને પ્રાર્થના જૂથોની કરોડરજ્જુ બાજુ છે. બાઈબલ વિવિધ પ્રકારની પ્રાર્થનાને પ્રકાશિત કરે છે, જેમાં આરાધના, કબૂલાત, આભારસ્તુતિ, વિનંતી, પવિત્રતા, પસ્તાવો, મધ્યસ્થી અને અન્ય સામેલ છે. આ પ્રાર્થના પરસ્પર પ્રતિબંધિત નથી અને ઈશ્વર સાથેના કોઈના સંબંધને વધુ ગાઢ બનાવવા માટે વિવિધ સંદર્ભોમાં જોડી શકાય અથવા ઉપયોગ કરી શકાય છે. જ્યારે આપણું માનવ શરીર સમસ્યાનો સામનો કરે છે, ત્યારે નર્વસ સિસ્ટમ ઝડપી સંદેશાવ્યવહાર નેટવર્ક તરીકે કાર્ય કરે છે, યોગ્ય જવાબોને પ્રતિક્રિયા કરવા માટે સમગ્ર શરીરમાં સંદેશા મોકલે છે. જે મગજ, કરોડરજ્જુ અને ચેતા સમસ્યાઓ, પ્રક્રિયાની માહિતી અને પ્રતિક્રિયા આપતા હોર્મોન્સ અથવા રોગપ્રતિકારક શક્તિને પ્રતિક્રિયા કરવા માટે સાથે મળીને કામ કરે છે, તેમ છતાં, એફએમપીબીમાં એક શરીર તરીકે, અમે જ્યારે વિશ્વાસી, મિશનરી, સ્થાનિક સુવાર્તિક, પ્રાર્થના જૂથના સભ્યોને અથવા આપણા રાષ્ટ્રને મુશ્કેલીનો સામનો કરવો પડે છે (યાકૂબ ૫:૧૬, કલોસ્સી ૧:૧ તિમોથી ૨:૧). આપણે તેમની પીડા અનુભવીએ છીએ, નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરીએ છીએ, બીજાઓને પ્રાર્થના કરવા માટે એકત્રીત કરીએ છીએ, અને આતુરતાથી ઈશ્વરના પ્રતિસાદની રાહ જોવી જોઈએ. આપણા આધ્યાત્મિક પૂર્વજોએ એકવાર તુતિકોરિનમાં એફએમપીબીના કાર્યાલયમાં આપણા રાષ્ટ્રના તારણ માટે વિનંતી કરી હતી. આવી ઉગ્ર પ્રાર્થનાને માત્ર ઈતિહાસનો ભાગ ન રહેવા દો, પરંતુ આપણી દૈનિક જીવનશૈલી બનવા દઈએ. જ્યારે આપણે આ મહિને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે આવો આપણે જે જે સમાચારો વાંચીએ છીએ, સાંભળીએ છીએ અને જાણીએ છીએ તેને પ્રાર્થનામાં ઈશ્વર પાસે લઈ જઈએ છીએ. આપણી વ્યક્તિગત અને જૂથ પ્રાર્થનાઓને આપણા રાષ્ટ્રના તારણ માટે સ્વર્ગના દરવાજાઓને ખટખટાવવા દો.

***મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)***

એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે.

માર્ક ૧૧:૨૪

રાષ્ટ્રોને તેમના પગો પર ઊભા કરવા માટે, પ્રથમ આપણે આપણા ઘૂંટણો નમાવવા જોઈએ.

- બિલી ગ્રેહામ

હવે સહુથી પ્રથમ હું એવો બોધ કરું છું કે, વિનંતી, પ્રાર્થના, આજીજી તથા આભારસ્તુતિ સઘળાં માણસોને માટે કરવામાં આવે.

૧ તિમોથી ૨:૧

ઈશ્વર વિશ્વના કોઈપણ પુરુષ અથવા સ્ત્રીને આપે છે તે મહાન અને શ્રેષ્ઠ તાલંત તો પ્રાર્થનાનું તાલંત છે.

- એલેકઝાંડર વ્હાઈટ

## અમારું દર્શન

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા ભારતીયો સુધી પહોંચો.

## અમારું ધ્યેય

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે રાષ્ટ્રને સુવાર્તા પહોંચાડવી, સમુદાયોને રૂપાંતરિત કરવા અને ભારતીય મંડળીઓની વિશાળ ભાગીદારી માટે તેઓને દર્શન જણાવવું.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનાકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાજુદા લોકજૂથો મધ્યે પહોંચીને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

FMPB, House No.06, Carmel Park Society,
Nr. Carmel Methodist Church,
Gurukrupa School Road,
CTM, Ahmedahad-380026, Gujarat
Mo. 9913007205

ફસલ

એફએમપીબીનું સત્તાવાર માસિક

Publisher & Editor
S. John Berlin

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb



# જનરલ સેક્રેટરીની કલમે...

પ્રિય મિશન પરિવાર,

આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તના નામે હાર્દિક શુભેચ્છાઓ.

જ્યારે આપણે હંમેશાં પડકાર આપતા સમયમાંથી પસાર થઈએ છીએ, ત્યારે ઈશ્વર આપણા હૃદય પર એક પાયાના સત્યને પ્રભાવિત કરે છે – સતત પ્રાર્થના એ ઈશ્વરના લોકોનું વલણ અને સામર્થ્ય બંને છે.

મિશનનો ધબકાર : એક પોકાર જે સ્વર્ગને હચમચાવે છે : લૂક ૧૮:૧-૮ જે આ શક્તિશાળી પ્રસ્તાવનાથી શરૂ થાય છે : પછી ઈસુએ તેમના શિષ્યોને બતાવવા માટે કહ્યું કે "સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, અને કાયર થવું નહિ." ઈસુએ આપણે જે પ્રલોભનનો સામનો કરવો પડે છે તે ઈસુ જાણતા હતા – હતોત્સાહ થવું, નિરાશ થવું અને આપણી વિનંતીઓમાં મૌન બનવું. પણ ખંત ધરાવતી વિધવા સ્ત્રીની વાર્તા દ્વારા તે આપણને તેમની નજીક આવવાનું તેડુ આપે છે, તેમનાથી દૂર જવાનું નહિ, ધીરજ રાખવા, ત્યજી દેવા નહિ. વિધવા પાસે કોઈ નામ, કોઈ પ્રભાવ અને કોઈ સ્થિતિ નહોતી, છતાં તેણે હાર માનવાનો ઈનકાર કર્યો. તેના અવિરતપણાએ અવિવેકી ન્યાયાધીશનો પ્રતિકાર તોડ્યો. અને ઈસુએ આનો ઉપયોગ આપણા પ્રેમાળ અને સ્વર્ગીય પિતા સાથે આપણને આપેલી ઘણી મોટી ખાતરીને સમજાવવા માટે કર્યો.

સમગ્ર શાસ્ત્રમાં, પ્રભુ વિશ્વાસ સાથે ખંતપૂર્વક પ્રાર્થના કરનારને સન્માન આપે છે :

■ હાન્ના – ૧ શમુએલ ૧:૧૦-૨૦ : ઊંડા દુઃખમાં, રડતા રડતા હાન્નાએ ઈશ્વરને પ્રાર્થના કરી, તેમ છતાં તેણીની પ્રાર્થનાનો તરત જ જવાબ આપવામાં આવ્યો ન હતો. પરંતુ તેણીએ ઈશ્વરની શોધ કરવાનું ચાલુ રાખ્યું, અને સમયસર, શમુએલ - પ્રબોધક અને ઈસ્રાએલના આગેવાનનો જન્મ થયો. તેના આંસુ રાષ્ટ્રના તારણનું બીજ બની ગયા.

■ એલીયા – ૧ રાજાઓ ૧૮:૪૧-૪૬ : કાર્મેલ પર્વત પર એક મહાન વિજય પછી, એલિયાએ ઘૂંટણે પડીને વરસાદ માટે પ્રાર્થના કરી. વાદળની પહેલી નિશાની દેખાઈ તે પહેલાં તેણે તેના સેવકને આકાશને તપાસવા સાત વખત મોકલ્યો. એલિયા આપણને શીખવે છે કે ન્યાયીઓની પ્રાર્થનાઓ પણ ફળ ઉપજાવે તે પહેલાં તેને ખંતની જરૂર પડે છે.

■ પ્રારંભિક મંડળી - પ્રેરિતોના કૃત્યો ૧:૧૪, પ્રેરિતોના કૃત્યો ૧૨:૫ : પ્રારંભિક વિશ્વાસીઓ "ખંતપૂર્વક સતત પ્રાર્થનામાં લાગુ રહ્યા" અને પછીથી જ્યારે પિતરને કેદ કરવામાં આવ્યો, ત્યારે મંડળી તેમના માટે ઈશ્વરને પ્રાર્થના કરી રહી હતી. તેમની દ્રઢતા પિતરની ચમત્કારિક મુક્તિ તરફ દોરી ગઈ – એક સાક્ષી કે પ્રાર્થના ભૌતિક અને આત્મિક બંને જેલના દરવાજા ખોલે છે.

એક મિશન ચળવળ તરીકે, આપણો મોરચો ફક્ત ગામડાઓ અને શહેરોમાં જ નથી – તે ઈશ્વરના સિંહાસનના ઓરડામાં શરૂ થાય છે. આજે, આપણને નીચેની બાબતો માટે ખંતપૂર્વક પ્રાર્થના કરવાનું કહેવામાં આવે છે :

**ખોવાયેલાઓ માટે** – જેમણે ક્યારેય સુવાર્તા સાંભળી નથી.

"મારા બીજા ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંના નથી, તેઓને પણ મારે લાવાવની જરૂર છે, અને તેઓ મારો સાદ સાંભળશે અને એક ટોળું, એક ઘેટાંપાળક થશે" યોહાન ૧૦:૧૬. આવો આપણે આંસુ સહિત પ્રાર્થના કરીએ અને જ્યાં સુધી સુવાર્તા પૃથ્વીના છેડા સુધી પહોંચે નહીં અને વણખેડાયેલાના પગોને વચનો દ્વારા ધોઈએ નહિ ત્યાં સુધી મધ્યસ્થી કરીએ.

**અંતિમ વ્યક્તિ માટે** – ગરીબ, હાંસિયામાં અને ભગ્ન હૃદયવાળા

"તે ધૂળમાંથી રાંકને ઉઠાવી લે છે, અને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે" ગીતશાસ્ત્ર ૧૧૩:૭. સર્વગ્રાહી મિશન દ્વારા, બદલાણ થાય માટે પ્રાર્થના કરો – ફક્ત હૃદયોનાં જ નહિ, પરંતુ ઘરો અને સમુદાયોના પણ.

**અંતિમ લોકો માટે** – પાછળ રહી ગયેલાઓ, ભૂલાઈ ગયેલાઓ, અથવા જીવનના અંતિમ તબક્કામાં છે તેઓ માટે.

"પ્રભુ પોતાના વચનો પ્રત્યે વિલંબ કરતો નથી, પણ

કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે, એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે" (૨ પિતર ૩:૯).

જેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે તેઓ માટે પ્રાર્થના કરીએ – કે તેઓ બહુ મોડું થાય તે પહેલાં ખ્રિસ્તમાં આશા પ્રાપ્ત કરી શકે.

લાંબી પ્રાર્થના નહિ, પરંતુ વિશ્વાસ સહિતની પ્રાર્થના : ઈસુએ પ્રશ્નાર્થ સાથે આ દ્રષ્ટાંતનો અંત કર્યો : "માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું !" (લૂક ૧૮:૮). મુદ્દો એ નથી કે આપણે લાંબી પ્રાર્થના કરી, પરંતુ ઈશ્વર કાર્ય કરશે એવા વિશ્વાસ સહિત પ્રાર્થના કરી કે નહિ. આવો આપણે નિરાશ ન થઈએ. ન્યાયાધીશ જેને આપણે પોકાર કરીએ છીએ તે અન્યાયી નથી, તે આપણા પિતા, આપણા બચાવનાર, આપણા મુક્તિદાતા છે. વિશ્વ આપણને નબળા, જૂનવાણી અથવા નાના તરીકે જોઈ શકે છે. પરંતુ આપણી પ્રાર્થનાઓ સ્વર્ગને હલાવે છે અને ઈતિહાસને હચમચાવે છે.

**વિધવાનું રૂદન આપણું બનવા દો :**

- ખંતપૂર્વકનું
- કરુણાસભર
- વિશ્વાસ સહિતનું

ઈશ્વરપિતા વ્યૂહાત્મક અને આત્મિક રીતે નોંધપાત્ર મેળાવડા દ્વારા આપણા સેવાકાર્યનું નેતૃત્વ કરવા અને માર્ગદર્શન આપવા માટે કૃપાળુ રહ્યા છે. પાછલા મહિનામાં આપણી ટીમો સાથે ચાલવાનો મારો આનંદ અને લહાવો રહ્યો છે. દરેક મુલાકાતે મને આ દૈવીય તેડાના બોજ વિષે નમ્ર, પ્રોત્સાહિત અને વધુ જાગૃત બનાવ્યો છે.

**વિભાગીય સચિવોની બેઠક – જૂન ૧૮-૧૯ :** આરાધના અને પ્રતિબિંબના વાચાવરણમાં યોજાયેલી આ બેઠકથી અમારા આગેવાનોને પ્રાર્થના, અહેવાલ અને સમજદારી સાથે આવવાની તક મળી. અમે અનુભવીએ છીએ કે ઈશ્વરપિતા આપણા હૃદયોને વિભાગોની આસપાસ ગૂંથે છે, ફક્ત યોજનાઓમાં જ નહિ, પરંતુ આગળના કાર્ય માટેના હેતુ અને જુસ્સાથી આપણને ગોઠવે છે. તે ઈશ્વરના મિશનને તાજુ કરવાનો અને ફરીથી ગોઠવવાનો સમય હતો.

**મેનેજમેન્ટ કમિટીની બેઠક – જૂન ૨૧-૨૨ :** આ બેઠકમાં વિચાર-વિમર્શ પ્રાર્થનામાં આવરી લેવામાં આવ્યા હતા અને ડહાપણ દ્વારા ચિહ્નિત થયેલ હતા. કર્મચારીઓ, નીતિ અને ભાવિ દિશાના મુખ્ય પાસાઓને સંબોધતા, નમ્રતા અને સ્પષ્ટતા સાથે નિર્ણયો લેવામાં આવ્યા હતા. અમે આત્માની એકતા અને મિશનને વિશ્વાસપૂર્વક કારભારી પ્રત્યેની વહેંચાયેલ પ્રતિબદ્ધતા માટે આભાર માનીએ છીએ.

**ક્ષેત્રીય મુલાકાત : પેન્ટ અને ગોદાવરી પ્રદેશ – સેન્ટ્રલ ઝોન (જૂન ૨૩-૨૭)**

પેન્ટ અને ગોદાવરી પ્રદેશોમાં મિશન ક્ષેત્રોની મુસાફરીથી અમને ઈશ્વરપિતાના તાજગીપૂર્ણ વિશ્વાસુપણાના અને ખંતપૂર્વકની વાવણીના ફળ જોવા મળ્યા.

■ અમારા પ્રાદેશિક આયોજન સત્રો, સુવાર્તિકો સાથેની મુલાકાતો અને ચર્ચના વડીલો સાથેની સંગત ફક્ત વહીવટી જ ન હતી પરંતુ તે પવિત્ર ક્ષણો હતી. અમે વૃદ્ધિમાં આનંદ કર્યો, જેઓ વિરોધ સહન કરી રહ્યા છે તેઓ સાથે દુઃખ વ્યક્ત કર્યુ, અને ઈશ્વર આપણા મિશનરીઓ દ્વારા શું કરી રહ્યા છે તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયા.

■ બાળકોની હોસ્ટેલની મુલાકાત લેવી એ એક ગહન અનુભવ હતો. આ મૂલ્યવાન છોકરા-છોકરીઓ, ખ્રિસ્તના પ્રેમ અને શિસ્તમાં ઉછરી રહ્યા છે. તેઓ માત્ર શિક્ષિત થઈ રહ્યા નથી, પરંતુ તેઓ તેમના સમુદાયોમાં ખ્રિસ્તનું અજવાળુ ફેલાવનારા શિષ્યો બની રહ્યા છે. તે પ્રાર્થના, દાન અને મિશનને કેવી રીતે નક્કર પરિવર્તનમાં એકરૂપ કરે છે તેનું હૃદયસ્પર્શી સ્મરણ હતું.

**મંડળી અને મિશનની ભાગીદારી મજબૂત થઈ – ગુજરાત ડાયોસિસ (જૂન ૨૮) :** અમને ગુજરાત ડાયોસિસ (સીએનઆઈ)ના બિશપ, રેવ. સિલ્વાન્સ ક્રિશ્ચિયન અને મુખ્ય પ્રતિનિધીઓ સાથે મુલાકાતની તક માટે અમે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ. સંવાદને પરસ્પર ઊંડા આદર, આત્મિક બોજ અને ઈશ્વરના રાજ્ય માટે સહયોગની પ્રતિબદ્ધતા દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યો હતો. સુવાર્તાને ગુજરાતમાં ઉંડે સુધી પ્રવેશતા જોવા માટે અમે અમારા દર્શનની પુનઃપ્રતિજ્ઞા કરી હતી. વાતચીત માત્ર વ્યૂહાત્મક જ નહિ પરંતુ આત્માની આગેવાની હેઠળ થઈ હતી જે વણખેડાયેલા લોકો માટે ખ્રિસ્તના શરીરમાં એકતાની સાચી સાક્ષી હતી.

**ઝોનલ સચિવોના પરિવારો માટે પ્રાર્થના અને આયોજન – ફોકડી (જૂન ૨૯-૩૦) :** અમારા ઝોનલ

સવિચોના પરિવારો સાથે સમય પસાર કરવો તે કેટલા આનંદની વાત હતી. આ શાંત નાયકો આગેવાનીનો ભાર અને ઘરનો બોજો બંને વહન કરે છે. અમારો સમય આરાધના, સાક્ષી અને પરસ્પર પ્રોત્સાહનથી સમૃદ્ધ હતો. તે મને વિશ્વાસ અને બલિદાનની પારિવારિક યાત્રાની યાદ અપાવે છે.

**કર્ણાટક મોબિલાઈઝેશન સમીક્ષા અને સ્ટાફની મુલાકાત (૫-૭ જુલાઈ) :** કર્ણાટકમાં, હું આપણા મોબિલાઈઝેશન સ્ટાફના સામર્થ્ય અને વિશ્વાસુ નવીનતાનો સાક્ષી બન્યો હતો. અહેવાલો સાંભળીને, સમીક્ષા સત્રોમાં સામેલ થઈને અને ટીમ સાથે પ્રાર્થના કરીને મને આશા પ્રાપ્ત થઈ હતી. પડકારો વચ્ચે, અગ્નિ હજુ સળગી રહ્યો છે અને ઈશ્વરપિતા નવા સમુદાયોમાં દરવાજા ખોલી રહ્યા છે. ઈશ્વરપિતા હજી વધારે નિડર, કરુણાપૂર્ણ અને વિશ્વાસુ પ્રાર્થના જૂથો, આગેવાનો અને મિશનરીઓ ઊભા કરે તેવી પ્રાર્થના.

**ક્રિશ્ચિયન વર્કર્સ ફેલોશિપ નેટવર્કિંગ (જુલાઈ ૯):** એ અન્ય મિશન આગેવાનો અને સેવાકાર્યો સાથે એકઠા થતાં એક વ્યાપક દર્શનને જીવંત થતું જોવાનું આનંદકારક હતું. આ વાર્તાલાપ ઈશ્વરના રાજ્યના સુમેળની ખાતરી, ઉત્સાહપૂર્ણ પ્રાર્થનાઓ અને અમારા વહેંચાયેલા સુવાર્તાના આદેશ એકબીજાને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ છે.

**સેન્ટ્રલ ઝોન મોબિલાઈઝેશન પ્રાર્થના દળના આગેવાનોની બેઠક – (જુલાઈ ૧૨) :** વિરુધુનગર, થેની અને મદુરાઈના પ્રાર્થના દળના આગેવાનો સાથે મળીને ખૂબ આનંદ થયો. સંગત તાજી થઈ હતી અને તેમની આત્મિક ઉત્કટતા અને અનુભવી આંતરદ્રષ્ટિએ અમારા મોબિલાઈઝેશનના પ્રયત્નોમાં નવી ગતિ મળી હતી. વ્યક્તિગત ચર્ચાઓએ અમને આગામી મહિનાઓ માટે સ્પષ્ટ દિશાને આકાર આપવામાં મદદ કરી હતી. ખ્રિસ્તના અને તેમના રાજ્યના વિસ્તરણ માટે આ દરેક આગેવાનોની અવિરત પ્રતિબદ્ધતા અને સમર્પણ માટે હું ઈશ્વરપિતાનો આભારી છું.

**વ્યવસાયી પરિવારોના વાર્ષિક કૌટુંબિક મેળો - લેડી ડૉક કોલેજ (૧૩ જુલાઈ) :** આ વાર્ષિક કાર્યક્રમ આભારસ્તુતિ અને સાક્ષીનો સમય હતો. લેડી ડૉક કોલેજના ઓડિટોરિયમમાં ૪૦૦ વ્યવસાયી પરિવારો એકત્ર થયા હતા, જેણે અમને પુનઃસ્મરણ કરાવ્યું કે ઈશ્વર દરેક બલિદાન, દરેક આંસુ, દરેક પ્રાર્થના અને સેવાનું દરેક કૃત્ય જુએ છે.

**રાષ્ટ્રીય ઉપવાસ સહિતની પ્રાર્થનાનું તેડુ (ઓગસ્ટ ૮-૧૦) :** વહાલાઓ, આપણે કંઈક મોટી બાબતના પ્રવેશદ્વાર પર છીએ. ત્રણ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના (ઓગસ્ટ ૮-૧૦) એક મહત્વપૂર્ણ સમય હશે. હું તમારી મંડળીઓ, પ્રાર્થના જૂથો અને પરિવારોને રાષ્ટ્ર અને એફએમપીબી સેવાકાર્ય માટે ઉત્સાહી મધ્યસ્થીમાં જોડાવા તમને વિનંતી કરું છું. આપણે માંસ અને લોહી સાથે યુદ્ધ નથી લડી રહ્યા – આ એક આત્મિક યુદ્ધ છે, અને પ્રાર્થના એ આપણું શસ્ત્ર છે.

જ્યારે આપણે આપણા પ્રિય રાષ્ટ્રના ૭૯ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે આવો આપણે જે સ્વતંત્રતા માણીએ છીએ અને આપણે જે સમૃદ્ધ વારસો ધરાવીએ છીએ તેના માટે ઈશ્વરનો આભાર માનીએ. આપણા દેશની સ્વતંત્રતા માટે લડનારા લોકોના બલિદાનને યાદ રાખવા અને તેની સાચી સુખાકારી માટે પ્રાર્થના કરવા અને કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાને નવીનીકરણ કરવાની આ એક પવિત્ર ક્ષણ છે.


આવો આપણે ભારત દેશ માટે – દરેક ખૂણામાં કાયમી શાંતિ અને ન્યાય માટે, નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરવા માટે એકઠા મળીએ.

- સરકારી દરેક ક્ષેત્રમાં સમજદારી અને ઈશ્વરીય નેતૃત્વ માટે.
- દરેક પ્રકારના વિભાજન, જુલમ અને હિંસામાંથી મુક્તિ માટે.
- દરેક હૃદય અને ઘર સુધી સુવાર્તા પહોંચે અને તારણ, આશા અને પરિવર્તન લાવે એ માટે.

હાલના સમયમાં ભારતમાં મંડળીઓ મીઠુ અને અજવાળા તરીકે કાર્ય કરે અને જેવી રીતે પાણી સમુદ્રને ભરી દે છે તેવી રીતે આપણા દેશને ઈશ્વરના મહિમાના જ્ઞાનથી ભરી દે એ માટે (હબાક્કુક ૨:૧૪). આવો આપણે ફક્ત સ્વતંત્રતાની ઉજવણી કરીએ નહિ – પણ આ મહાન રાષ્ટ્રના દરેક નાગરિક માટે ખ્રિસ્તમાં સાચી સ્વતંત્રતા માટે પણ દરમિયાનગીરી કરીએ.

પ્રાર્થના કરો, લોકોને ખ્રિસ્ત તરફ ખેંચો અને આશા પ્રાપ્ત કરો.

વિશ્વાસ, પ્રેમ અને રાષ્ટ્રની સેવા માટે એકીકૃત,



**રેવ. વિજય પ્રસન્ના આઈઝેક**

# પ્રાર્થના

## આપણી જીવનરેખા

લ્યુથરે એકવાર કહ્યું હતું, ‘‘પ્રાર્થના વિના ખ્રિસ્તી બનવું એ શ્વાસ લીધા વિના જીવંત રહેવું જે શક્ય નથી તેના જેવું છે.’’ પ્રાર્થના એ વિશ્વાસીની જીવનરેખા છે. તે ઈશ્વર સાથેના આપણા સંબંધોને વધુ ગાઢ બનાવે છે અને આપણને આપણા સર્જક, સર્વશક્તિમાન સાથે વાતચીત કરવા માટે સક્ષમ બનાવે છે. પ્રાર્થના આપણા આત્મિક યુદ્ધમાં દિલાસો, મનની શાંતિ અને સામર્થ્ય લાવે છે. આપણી માર્ટિન સંસ્થાના નૈતિક મૂલ્યમાં પ્રાર્થનાની ઊંડી પ્રતિબદ્ધતા છે.

ઈસુએ ઘણી બાબતો શીખવી, પરંતુ માથ્થીની સુવાર્તામાં, તે ખાસ કરીને બે મુખ્ય માર્ગોમાં પ્રાર્થના વિષે શીખવે છે (માથ્થી ૬:૯, ૯:૩૮). આ વિભાગમાં, આપણે સાત પ્રકારની પ્રાર્થનાનું અન્વેષણ કરીશું :

**૧. વ્યક્તિગત પ્રાર્થના** (ઉત્પત્તિ ૨૮:૨૦-૨૧) : યાકૂબ તેની વ્યક્તિગત જરૂરિયાતો - ખોરાક, કપડાં અને સંરક્ષણ માટે પ્રાર્થના કરે છે. આ ઘણીવાર નવા વિશ્વાસીઓ કરે છે તે પ્રથમ પ્રકારની પ્રાર્થના છે. જયારે આપણે આત્મિક રીતે વૃદ્ધિ પામીએ છીએ, ત્યારે આપણી પ્રાર્થનાઓ ઊંડી ઈચ્છાઓને પ્રતિબિંબિત કરવાનું શરૂ કરે છે. ઈસુએ માથ્થી ૬:૨૫-૩૩ માં આને સંબોધી હતી, તેમના શિષ્યોને ભૌતિક જરૂરિયાતો વિષે ચિંતા ન કરવાની યાદ અપાવી. તેનાથી વિપરીત, સુલેમાને ડહાપણ માટે પ્રાર્થના કરી જેનાથી ઈશ્વર પ્રસન્ન થયા (૧ રાજાઓ ૩:૧૩). શું આપણે હજી પણ આપણી વ્યક્તિગત ઈચ્છાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અથવા આપણે આપણા જીવનમાં ઈશ્વરની ઈચ્છા શોધી રહ્યા છીએ? આવો આપણે જીવન જીવવા માટે પ્રાર્થના કરીએ કે જે ઈશ્વરને આનંદકારક છે.

**૨. આશીર્વાદ માટે પ્રાર્થના** (૧ કા.વૃ. ૪:૧૦) : ‘‘યાબેસે ઈસ્રાએલના દેવને વિનંતી કરી કે, જો તું મને ખચીત જ આશીર્વાદ આપે, મારી સીમા વિસ્તારે, તારો હાથ મારી સાથે રહે, ને તું મને આપત્તિથી એવી રીતે બચાવે કે મારે માથે કંઈ દુઃખ આવી ન પડે, તો હું કેવો ભાગ્યવાન ! અને તેણે જે માગ્યું તે દેવે તેને આપ્યું.’’ દાઉદે પણ એ જ રીતે પ્રાર્થના કરી, ‘‘ઈશ્વર અમારા પર કૃપા કરીને અમને આશીર્વાદ દો, અને તેના મુખનો પ્રકાશ અમારા પર પાડો’’ (ગીતશાસ્ત્ર ૬૭:૧). આવો આપણે દુન્યવી લોકો માટે આત્મિક આશીર્વાદો માગીએ, જે ઈશ્વરની તરફેણ અને હાજરીની ઈચ્છા રાખે.

**૩. અન્ય લોકો માટે મધ્યસ્થી** (૧ શમુએલ ૭:૮) : ડરને કારણે, લોકોએ શમુએલને તેમના માટે દરમિયાનગીરી કરવાનું કહ્યું, શમુએલે જાહેર કર્યું ‘‘તમારે વાસ્તે પ્રાર્થના કરવાનું મૂકી દેવાનું પાપ યહોવાની વિરુદ્ધ હું કરું એમ ન થાઓ, પણ સારે તથા ખરે માર્ગે હું તમને કેળવીશ.’’ (૧ શમુએલ ૧૨:૨૩). ‘‘જયારે અયૂબે પોતાના મિત્રો માટે પ્રાર્થના કરી, ત્યારે યહોવાએ તેની દુર્દશા ફેરવી નાખી, અને અગાઉ હતું તે કરતાં યહોવાએ અયૂબને બમણું આપ્યું’’ (અયૂબ ૪૨:૧૦). યાકૂબ આપણને એકબીજા માટે પ્રાર્થના કરવા પ્રોત્સાહિત કરે છે



(યાકૂબ ૫:૧૬). આવો આપણે એકબીજાના બોજા ઉઠાવીએ અને કરુણાથી પ્રાર્થના કરીએ.

**૪. મુશ્કેલીના સમયોમાં પ્રાર્થના** (૧ શમુએલ ૩૦:૪-૮) : દાઉદ ખૂબ જ દુખી હોવા છતાં, પોતાને પ્રભુમાં મજબૂત બનાવ્યો અને તેમનું માર્ગદર્શન માંગ્યું અને ઈશ્વરે સઘળું પુનઃસ્થાપિત કર્યું (૧ શમુએલ ૩૦:૧૯). તેણે માંદગી દરમિયાન પણ ઈશ્વરને પોકાર કર્યો અને ઈશ્વર જવાબ આપ્યો (ગીતશાસ્ત્ર ૩૮:૧૧). જ્યારે રાજા યહોશાફાટે તેની જરૂરિયાત સમયે ઈશ્વરને હાંક મારી, ઈશ્વરે જવાબ આપ્યો (૨ કા.વૃ. ૨૦:૫-૧૨). આવો આપણે આપણા સેવા ક્ષેત્રોમાં ઉગ્ર વિરોધનો સામનો કરી રહેલા વિશ્વાસીઓ માટે આતુરતાથી પ્રાર્થના કરીએ, કારણ કે ઈશ્વરે આપણી મુશ્કેલીઓના સમયમાં જવાબ આપવાનું વચન આપ્યું છે (ગી.શા. ૧૫:૧-૧૫, ૫૦:૧૫, યર્મિયા ૩૩:૩).

**૫. આત્મિક વૃદ્ધિ માટે પ્રાર્થના** (એફેસી ૧:૧૫-૧૯) : પાઉલે વિશ્વાસીઓને ડહાપણ, પ્રકટીકરણ અને સમજણ મેળવવા માટે પ્રાર્થના કરી. એફેસી ૩:૧૫-૧૯ માં, તે પ્રાર્થના કરે છે કે આપણે આપણા આંતરિક અસ્તિત્વમાં મજબૂત થઈ શકીએ અને ખ્રિસ્તના પ્રેમમાં વૃદ્ધિ પામી શકીએ. કલોસ્સી ૧:૯-૧૧ માં, તે પ્રાર્થના કરે છે કે આપણે ઈશ્વરની ઈચ્છાને જાણીએ, તેમને પસંદ પડે એવું જીવન જીવીએ, અને તેમના સામર્થ્યથી સશક્ત બનીએ. આપણે પણ આપણી આત્મિક યાત્રામાં આવી વૃદ્ધિ માટે પ્રાર્થના કરવી જોઈએ.

**૬. પ્રભુના સેવકો માટે પ્રાર્થના** (પ્રેરિતોના કૃત્યો ૪:૩) : પ્રારંભિક મંડળી પ્રેરિતો માટે સતત પ્રાર્થના કરે છે. જ્યારે પિતરને કેદખાનામાં નાખ્યો, ત્યારે મંડળી મરિયમના ઘરે એકત્ર થઈ અને તેની મુક્તિ માટે પ્રાર્થના કરી (પ્રે.કૃ. ૧૨:૧૨). પાઉલે સુવાર્તા પ્રચાર માટે હિંમત અને પ્રાર્થના વિનંતી કરી (એફેસી ૬:૧૯-૨૦). ઈસુએ પોતે તમામ વિશ્વાસીઓ માટે પ્રાર્થના કરી (યોહાન ૧૭:૨૦). આજે, ઘણા સેવકો વધતી સતાવણી અને મુશ્કેલીઓનો સામનો કરે છે. આવો આપણે દરરોજ પ્રાર્થના કરીએ કે તેઓ દ્રઢ રહે અને ઈશ્વરની સુરક્ષા હેઠળ, હિંમતભેર સુવાર્તા પ્રચાર કરે.

**૭. મધ્યસ્થીની પ્રાર્થના** (ઉત્પત્તિ ૧૮:૨૩-૩૩, નિર્ગમન ૩૨:૧૧-૧૩) : મધ્યસ્થી એ પ્રાર્થનાનો એક ઉમદા અને સશક્ત પ્રકાર છે. આજે પણ, ખ્રિસ્ત પિતા સમક્ષ આપણા માટે મધ્યસ્થી કરે છે (૧ યોહાન ૨:૧). ઈશ્વરની નજીકના લોકો ઘણીવાર મધ્યસ્થીનો આત્મા મેળવે છે. ઈશ્વર ઈબ્રાહિમને તેમનો મિત્ર કહે છે (યશાયા ૪૧:૮) અને ઈબ્રાહિમે હિંમતપૂર્વક ઈશ્વરને સદોમ માટે વિનંતી કરી (ઉત્પત્તિ ૧૮:૨૨-૩૩). મૂસાએ બળવખોર ઈસ્રાએલીઓ માટે મધ્યસ્થી કરી (નિર્ગમન ૩૨:૧૧-૧૩), તેમની પોતાના મહાનતાની ઉપર લોકોની મુક્તિની પસંદગી કરી (નિર્ગમન ૩૨:૧૦). પાઉલે ફિલેમોન વતી તેના દાસ, ઓનેસિમસ માટે મધ્યસ્થી કરી હતી.

એક યુવાન છોકરી, બિમાર હોવા છતાં, ઈશ્વરની સેવા કરવાની ઈચ્છા રાખે છે. તેના પાળકે તેને તેણી જે લોકોને તારણ પામેલા જોવા ઈચ્છે છે તેમના નામો લખવા અને તેમના માટે પ્રાર્થના કરવા માટે પ્રોત્સાહન આપ્યું. તેણીએ તેનું પાલન કર્યું, અને તેણીનું નિધન થાય તે પહેલાં, તેની સૂચિમાંના તમામ ૫૬ લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. આપણે પણ આપણા વણખેડાયેલા મિત્રો, સંબંધીઓ અને સહકાર્યકરોની સૂચિ બનાવી શકીએ અને તેમના તારણ માટે ખંતપૂર્વક પ્રાર્થના કરી શકીએ છીએ.

## નિષ્કર્ષ

પ્રાર્થના ઈશ્વરને પ્રસન્ન કરે છે. થોમસ વોટસને કહ્યું, “પ્રાર્થના ઈશ્વરના હૃદયને પીગળાવે છે.” પ્રાર્થના દ્વારા, આપણે ઈશ્વરની નજીક જઈએ છીએ અને ઈશ્વરની ઈચ્છા મુજબ પોતાને ગોઠવીએ છીએ. આપણા દેશને આપણી પ્રાર્થનાની સખત જરૂર છે. આવો આપણે દરરોજ ઈશ્વર આગળ ઘૂંટણો નમાવીએ, પાપ અને આત્મિક અંધકારમાં રહેતા લોકો માટે તારણની વિનંતી કરીએ. આવો આપણે ઉત્સાહપૂર્વક મધ્યસ્થી કરીએ જેથી આપણું રાષ્ટ્ર ખ્રિસ્ત માટે જીતી શકીએ.

**- રેવ. એસ. દેવદાસ**
**એફએમપીબી - હિંદી મિનીસ્ટ્રીસ,**

## આત્મનિરીક્ષણ સાથે સ્વતંત્રતા : પરિવર્તિત ભારત માટે પ્રાર્થના



# ઓ રાષ્ટ્ર
# મારા ભારત
# ઓ રાષ્ટ્ર

***તું ફરીથી તજેલી કહેવાશે નહિ, તેમ તારો દેશ ફરીથી ઉજ્જડ કહેવાશે નહિ, કેમ કે તું હેફસીબાહ (મારો આનંદ) કહેવાઈશ, ને તારો દેશ બેઉલાહ (વિવાહિત) કહેવાશે, કેમ કે યહોવા તારા પર પ્રસન્ન છે, ને તારો દેશ જીવશે.(યશાયા ૬૨:૪).***

જ્યારે આપણે ભારતના ૭૮ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે આપણા રાષ્ટ્રએ જે નોંધપાત્ર વૃદ્ધિ કરી છે તેના માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ. સ્વતંત્રતા પછીના સંઘર્ષશીલ રાષ્ટ્ર તરીકે, આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી અને ઝડપથી વિકસતી આર્થિક શક્તિ તરીકે ઉભરી આવ્યા છીએ. પર્યાવરણને અનુરૂપ કૃષિ, માળખાગત અને તકનીકી પ્રગતિ જેવી પહેલ, સ્વ-ટકાઉ, આધુનિક ભારતની આપણી શોધને પ્રતિબિંબિત કરે છે, દેશ અને વિદેશમાં નાગરિકોમાં ગૌરવ પ્રદાન કરે છે.

સ્વતંત્રતા સમયે, સાક્ષરતા દર ફક્ત ૧૨% હતો, આજે તે ૮૦.૯% છે. આપણું ખાદ્ય અનાજનું ઉત્પાદન ૫૦ મિલિયન ટનથી વધીને ૩૦૦ મિલિયન ટન થઈ ગયું છે, જે આપણને આત્મનિર્ભર બનાવે છે. અમે વિજ્ઞાનમાં આગળ વધ્યા છે, ચંદ્ર સુધી પહોંચ્યા છે. તેમ છતાં, આ સિદ્ધિઓની સાથે, ગરીબી, ભૂખ, બેરોજગારી, પ્રદૂષણ, અન્યાય અને સામાજીક ભેદભાવ જેવા ગંભીર મુદ્દાઓ ચાલુ રહ્યા છે.

જાહેર વિતરણ પ્રણાલી અને મધ્યાહ્ન ભોજન જેવી કલ્યાણકારી યોજનાઓ હોવા છતાં, ઘણા હજી પણ ખોરાક, વસ્ત્રો, આશ્રય અને ગુણવત્તાયુક્ત શિક્ષણ જેવી મૂળભૂત જરૂરિયાતોના અભાવમાં જીવે છે. શોષણ વિવિધ સ્વરૂપોમાં ચાલુ રહે છે, અને ઘણા આત્યંતિક ગરીબીમાં જીવે છે. નિરક્ષરતા ચાલુ રહી છે. ખાસ કરીને ગ્રામીણ અને પછાત પ્રદેશોમાં જ્યાં સશક્તિકરણનો ભય શિક્ષણને જરૂરિયાતમંદ સુધી પહોંચતા અટકાવે છે. નબળું શિક્ષણ બાળમજૂરી, બાળ લગ્નો અને છેતરપિંડી જેવા સામાજીક અનિષ્ટ તરફ દોરી જાય છે.

બેરોજગારી, શિક્ષિત લોકોમાં પણ યુવાનોને ગુના, ડ્રગ્સ અને આત્મહત્યા તરફ દોરી જાય છે. ડ્રગ્સનું દૂષણ ફેલાઈ રહ્યું છે, અને મહિલાઓ પણ આ જાળમાં આવી રહી છે. જાતીય અનૈતિકતા, ગરીબી અને ભૌતિક ઈચ્છાઓ દ્વારા આપણા રાષ્ટ્રના સાંસ્કૃતિક

મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે. મહિલાઓને ઘરમાં, કામના સ્થળે અને જાહેર સ્થળે સતાવણીનો સામનો કરવો પડે છે, જે ઘણીવાર આજીવન આઘાત અથવા આત્મહત્યા તરફ દોરી જાય છે. દહેજ સંબંધિત દુર્વ્યવહાર અને ઘરેલુ હિંસા વ્યાપક છે. ભ્રષ્ટાચાર, લાંચરૂશ્વત, જાતિગત વિભાજન અને ધાર્મિક હિંસા સામાજીક તાણાવાણાને હાનિ પહોંચાડે છે.

તેમ છતાં, આપણે બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક છીએ, વ્યક્તિગત સ્વતંત્રતાઓ કેટલીકવાર દબાવવામાં આવે છે. જાતિ, ધર્મ, લિંગ અને ભાષાના આધારે ભેદભાવ આપણા બંધારણના આદર્શોનો વિરોધાભાસી છે.

કાર્ય કરવા માટેનું તેડુ :

આ નિર્ણાયક સમયમાં, મંડળીએ વૃદ્ધિ પામવું જ જોઈએ. આપણે એવા લોકોની જરૂર છે કે જે છીંડામાં ઊભા રહે અને રાષ્ટ્રીય જાગૃતિ, ન્યાય અને તારણ માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરે. આવો આપણે ભારતને શિસ્તબદ્ધ, ન્યાયી અને પરિવર્તિત કરવા માટે મધ્યસ્થી કરીએ જ્યાં દરેક નાગરિક ગૌરવ અને આશા સાથે જીવી શકે.

**પ્રાર્થના કરીએ :**

☐ આપણે ભારત માટે ભૂખ વિનાનો દેશ બનવા અને ગરીબીની રેખા નીચે રહેતા તમામ લોકોની પ્રગતિ માટે પ્રાર્થના કરીએ.

☐ આવો આપણે બાળકો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધો સહિતના તમામના અધિકારના રક્ષણ માટે પ્રાર્થના કરીએ.

☐ આવો આપણે એવી પરિસ્થિતિ માટે પ્રાર્થના કરીએ કે જ્યાં પ્રતિક્રિયાશીલ વિચારો અથવા યોજનાઓ કે જે લોકોની પ્રગતિને અવરોધે છે તે ભાવિ પેઢીને અસર ન કરે. આવો આપણે શૈક્ષણિક માળખાગત સ્થાપના માટે પ્રાર્થના કરીએ જેથી ભારત ૧૦૦ ટકા સાક્ષર રાષ્ટ્ર બને.

☐ આવો આપણે જાતિ, ધર્મ અને ભાષાના આધારે વિભાજન કરનારા લોકોમાં હૃદયના પરિવર્તન માટે પ્રાર્થના કરીએ.

☐ આવો આપણે અન્યાય, જમીનનું વિતરણ અને ગરીબો પર લાદવામાં આવેલી અસમાનતાના અંત માટે પ્રાર્થના કરીએ. આવો આપણે દરેકને સરકારી કલ્યાણ કાર્યક્રમોમાં તેમનો ન્યાયી હિસ્સો મળે એ માટે પ્રાર્થના કરીએ. અન્યાયીપણાથી જુલમ કરનારાઓને અને અસમાનતામાં જીવનારા લોકોને સમાનતા માટે ન્યાય મળે એ માટે પ્રાર્થના કરીએ.

☐ આવો આપણે પ્રાર્થના કરીએ કે દેશના દરેક વ્યક્તિને ખ્યાલ આવે કે લાંચ આપવી અને મેળવવી ખોટી બાબત છે.

☐ આવો આપણે પ્રાર્થના કરીએ કે જે લોકો ડ્રગ્સના વ્યસની છે તેમાંથી છૂટકારો મેળવે અને તેમના જીવનમાં સમૃદ્ધિ થાય, અને સરકાર ડ્રગ્સના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ લગાવે અને લોકોના કલ્યાણનું રક્ષણ કરે.

☐ આવો આપણે પ્રાર્થના કરીએ કે હિંસાને દૂર કરવાનો અને તમામ ભારતીયોના મનમાં શસ્ત્રોના વિના ન્યાયીપણાના માર્ગ પર ચાલવાનો વિચાર સ્ફુરે.

☐ આવો આપણે પ્રાર્થના કરીએ કે દરેક વ્યક્તિ દેશના સારા નાગરિક તરીકે જીવે, કે જે ભારતીય ન્યાય અને પ્રામાણિકતા માટે પ્રયત્ન કરે, અને ઈશ્વરની પ્રતિમામાં દરેકની રચના કરવામાં આવી છે તે અનુભૂતિ બધાના મનમાં ઊભી થાય.

Mrs. Freeda Sam
FMPB - Headquarters

# સૂક્ષ્મ, લઘુ અને મધ્ય કદના ઉદ્યોગો માટેનો દિવસ (એમએસએમઈ)





આપણા ઝડપથી આગળ વધતા રાષ્ટ્રમાં, સૂક્ષ્મ, લઘુ અને મધ્ય કદના ઉદ્યોગો (એમએસએમઈ) તેમની પ્રતિભા અને અનુભવ માટે પ્રશંસાને પાત્ર છે. ઘણા ઉદ્યમીઓ, જે નાની ઉંમરેથી પ્રશિક્ષિત છે, તેમના ક્ષેત્રોમાં વ્યાવસાયિકો બન્યા છે. જો કે, ડિમોનેટાઈઝેશન (નોટબંધી) અને કોવિડ-૧૯ રોગચાળાએ ગંભીર આંચકો પેદા કર્યો છે. લોન અને નિષ્ક્રિય મશીનરીથી બોજારૂપ, ઘણા ઉદ્યોગસાહસિકોને સવેતન કામ કરવાની ફરજ પડી હતી, જમીન અથવા સંપત્તિની માલિકી વિના ભાડુ ભરવામાં અસમર્થ, આ ઉદ્યોગો, એફએમપીબી (સ્કેન સભ્યો) દ્વારા ચાલતા સેવાકાર્યો માટે મહત્વપૂર્ણ, હવે અસંખ્ય પડકારોનો સામનો કરે છે. ૩૦ ઓગસ્ટ રાષ્ટ્રીય એમએસએમઈ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તેમના મહત્વ અને સંઘર્ષને પ્રકાશિત કરે છે.

**આશીર્વાદો :** પ્રથમ ઈશ્વરની શોધ કરનારા ઉદ્યોગપતિઓ તેમના આશીર્વાદનો અનુભવ કરી રહ્યા છે. ઘણા લોકો જેમણે ઓછા વેતનની નોકરીઓ શરૂ કરી હતી તેઓ હવે એક કુટુંબ તરીકે ચર્ચમાં જવા, પ્રાર્થના કરવા અને તેમના કાર્યસ્થળ પર બાઈબલ વાંચન અને પ્રાર્થનાથી દરેક દિવસની શરૂઆત કરીને સફળ ઉદ્યોગસાહસિક બની ગયા છે. જે લોકો ઈશ્વરને તેમની કમાણીનો પ્રથમ હિસ્સો આપે છે અને પ્રામાણિકતાથી જીવે છે તે ખૂબ જ આશીર્વાદ પામે છે. ઘણા લોકો તેમના વ્યવસાયો પર આગામી પેઢી સુધી પહોંચ્યા છે, અને તેમના બાળકોને ઈશ્વરની આરાધનામાં ઉછેર કરીને, તેમના બાળકો હવે વ્યવસાયમાં ઉત્તમ બન્યા છે, વિજ્ઞાન, તકનીકી અને દેશના વિકાસના આધુનિક વલણો સાથે જોડાણ કરે છે.

વચન પ્રમાણે "છેક નાનામાંથી હજાર થશે", ઈશ્વર ખ્રિસ્તી લઘુ વ્યવસાયિકોને આશીર્વાદ આપે છે. સ્પર્ધા હોવા છતાં, ગ્રાહકો તેમને શોધે છે કારણ કે તેઓ પ્રામાણિકપણે કાર્ય કરે છે - ખોટા પગલાં બંધ કરે છે, પ્રથમ વર્ગના ઉત્પાદનોનું વેચાણ કરે છે, નફો મર્યાદિત કરે છે અને ઈશ્વરને પ્રથમ રાખે છે. પડકારો વચ્ચે તેમની પ્રામાણિકતા અને ઈશ્વર પર પરાધીનતા તેમની તરફેણ લાવે છે.

**એક નાનકડી સાક્ષી :** શ્રી પીટર શિવકુમાર, બિન-ખ્રિસ્તી કુટુંબમાં જન્મેલા અને ફક્ત ચોથા ધોરણ સુધી શિક્ષિત, એક વખત નાની આવક માટે મારવાડીની દુકાનમાં કામ કરતા હતા. ઈસુને તેના તારનાર તરીકે સ્વીકાર્યા પછી, તેણે સાલેમ જીલ્લાના ઈલામ્પીલીમાં એક નાનકડી દુકાન શરૂ કરી. મર્યાદિત માધ્યમો હોવા છતાં, તેમણે વિશ્વાસીઓના બાળકોને ટેકો આપ્યો, અને ઈશ્વરે તેમના પ્રયત્નોને આશીર્વાદ આપ્યા. આજે, તે એ-૧ ટેક્ષ્ટાઈલના સ્થાપક છે, ચેન્નાઈ સિલ્ક જેવા મોટા સ્ટોર્સને સાડીઓ સપ્લાય કરે છે. તે ત્રણ મિશનરીઓને ટેકો આપે છે અને વાર્ષિક અમારા મિશન ક્ષેત્રોમાં પ્રભુમંદિરો બાંધે છે. તેમનું જીવન એક સાક્ષી છે કે જેઓ ઈશ્વરને મહિમા આપે છે તેઓને ઈશ્વર તેમના વ્યવસાયમાં કેવા આશીર્વાદો આપે છે.

**સેવાકાર્યોમાં તેઓની ભૂમિકા :** ● નાના વ્યાવસાયિક માલિકો, પગારદાર કામદારો અને જેમણે ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે તેઓ, આત્માઓ અને મિશનરીઓ માટે ખૂબ જ બોજ ધરાવે છે. ● તેઓ દૈનિક પ્રાર્થના કરે છે અને સેવાકાર્યને ઉદારતાથી આપે છે. તેઓ મની બોક્સ (હુન્ડિઝ) દ્વારા દાનો એકત્રિત

કરે છે અને સેવાકાર્યની આનુષંગિક જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરે છે. ● વ્યાવસાયિક પરિવારો સાપ્તાહિક અથવા માસિક આખી રાત્રિની પ્રાર્થના, ઉપવાસ અને મધ્યસ્થીની પ્રાર્થનાઓમાં એકત્ર થાય છે. ● તેઓ પ્રભુમંદિરો બાંધવા અને વિશ્વાસીઓના બાળકોને રહેવા અને અભ્યાસ માટે છાત્રાલયો બાંધવા ફાળો આપે છે. ● તેઓ તેમના નિયમિત દાનો અને પ્રાર્થનાઓ દ્વારા મિશનરીઓના બાળકો અને સાથી વિશ્વાસીઓના બાળકોને ટેકો કરે છે.

**જે પડકારોનો તેઓ સામનો કરે છે :** મોસમી વ્યવસાયો, જેમ કે ઉનાળાના સોફ્ટ ડ્રિંક વેચાણ, આવકની સ્થિરતાને અસર કરે છે. વેરિકોઝ વેઈન (નસો ફૂલવી) અને અન્ય બિમારીઓ જેવા આરોગ્યની સમસ્યાઓનો સામનો કરે છે. વ્યવસાયની હરીફાઈ અને ઈર્ષ્યા, જમીન અથવા કાર્યસ્થળની માલિકીનો અભાવ, તહેવારોના સમયોમાં પડતી અડચણો, લોનનો બોજો અને પુનઃચૂકવણીની સમસ્યાઓ, કૌશલ્યો ધરાવતા કામદારોનો અભાવ.

આવો આપણે આ લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોને આપણી પ્રાર્થનામાં સમર્થન આપીએ કારણ કે તેઓ ઘણા પડકારો હોવા છતાં વિશ્વાસપૂર્વક સેવા આપતા રહે છે.

**રેવ. ઓગસ્ટસ પુષ્પરાજ, સેક્રેટરી – સ્કેન**

# જે મિશનરીઓએ તેઓની તાલીમ પૂર્ણ કરી છે અને સેવા ક્ષેત્રોમાં સેવા આપવા ગયા છે.

## ફેબ્રુઆરી ૨૦૨૪ થી મે ૨૦૨૫


**શ્રી સુશીલ હેમ્બ્રોમ | શ્રીમતી સુનિતા મરાંડી | કુ. શીલા હંસદા**

**કુ. રાંધોન મુર્મુ | શ્રીમતી કાજલ | શ્રીમતી વિજીથા | કુ. ઈબાલાલે પામે**

**શ્રી લેટખોગીન મેટે | કુ. એસ્તર નિશોન | શ્રીમતી રેશ્મારાની**

### આવો આપણે તેઓના માટે પ્રાર્થના કરીએ

● ઈશ્વર તેમને અજાણી ભાષા, સંસ્કૃતિ અને આબોહવા વચ્ચે પ્રોત્સાહિત કરવા, અને તેમને ઝડપથી શીખવા માટે ડહાપણ અને યાદશક્તિ આપે. ● ઈશ્વર તેમને એકલતા, શારીરિક નબળાઈ અને એકલતાથી બચાવે એ માટે. ● સુવાર્તા માટે દરવાજા ખુલે, અને તેમનો આત્મિક બોજ દૈનિક વધુ ઊંડો વૃદ્ધિ પામે. ● ગ્રામજનો તેમનો રાજીખુશીથી સ્વીકાર કરે અને સુવાર્તાનો પ્રતિસાદ આપે. ● ઈશ્વરપિતા તેમને મુસાફરીની સલામતી, સહકાર્યકરો સાથેની એકતા, વિરોધ હોવા છતાં ઉત્સાહ સાથે સેવા આપવાનું સામર્થ્ય આપે છે. ● ઈશ્વર તેમને અપરિણીત માટે યોગ્ય જીવનસાથીઓ આપવા માટે, તેમને ઈશ્વરી પરિવારો તરીકે સેવા આપવા માટે સક્ષમ બનાવે.




# તપન સેવા ક્ષેત્ર

## એક ઝાંખી

### તપન વિષે :

તપન પશ્ચિમ બંગાળના દક્ષિણ દિનાજપુર જીલ્લામાં સ્થિત એક ગામ છે. તે ગંગારામપુર શહેરથી લગભગ ૧૪ કિ.મી. દૂર આવેલું છે, જે તમામ આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ભારતના બંધારણ અને પંચાયત રાજ અધિનિયમ મુજબ, તપન ચૂંટાયેલા ગામના મુખી (સરપંચ) દ્વારા સંચાલિત થાય છે. સાક્ષરતા દર ૭૫.૨૯% છે. આ ગામ ઐતિહાસિક રીતે નોંધપાત્ર તળાવ, તપન દીહીનું ઘર છે જે સ્થળાંતરિત પંખીઓ માટે અભયારણ્ય છે.

### સંસ્કૃતિ અને આજીવિકા :

તપન ક્ષેત્રમાં બે મોટા વંશીય જૂથો- સંતાલ અને બંગાળીઓ વસવાટ કરે છે – ઓરાઓન, મુંડા, બેડિયા, મહલિયા, માલફાગડિયા, રાજબંગશી અને લોખરા જેવા અન્ય સમુદાયો સાથે. મોટાભાગના લોકો કૃષિ, મજૂરી કામ અને બાંકામના કાર્યોમાં રોકોલા હોય છે. સરસવ, ઘઉં, કપાસ, શાકભાજી અને ડાંગર (વર્ષમાં બે વાર) પાક ઉગાડવામાં આવે છે.

ઘણા યુવાનો રોજગારની શોધમાં અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરે છે. જ્યારે આજકાલ, વડીલો દ્વારા પરંપરાગત લગ્ન ગોઠવવામાં આવે છે, ત્યારે ઘણા યુવાનો તેમના જીવનસાથીઓ પસંદ કરે છે અને ઔપચારિક સમારોહ વિના સાથે રહે છે. જો કે, લગ્ન હજીપણ ગામના સરપંચ દ્વારા વિધિપૂર્વક કરાવવામાં આવે છે. લગ્નના દિવસે, કન્યા અને વરરાજા બંનેને વાંસની ટોપલીમાં લઈ જવામાં આવે છે. વરરાજા કન્યાને રૂા. ૫૧ અને એક ગાય દહેજમાં આપે છે.

### ધાર્મિક માન્યતાઓ :

તપન ક્ષેત્રમાં પ્રાથમિક દેવતા મરંગ બુરુની પૂજા  થાય છે. જો કે, બિન-આદિજાતિ સંસ્કૃતિઓના પ્રભાવને કારણે, પૂજાના અન્ય ઘણા સ્વરૂપો અપનાવવામાં આવ્યા છે. મુખ્ય તહેવારોમાં પાહા પોરોપ, નવ પોરોપ, સોહરાઈ પોરોપ અને દુર્ગા પૂજા સામેલ છે. એક નોંધપાત્ર સ્થાનિક તહેવાર, પોર્લા કાલી, એક અઠવાડિયા માટે ઉજવવામાં આવે છે, જે ભારતમાંથી મોટી ભીડ ખેંચે છે.

આધ્યાત્મિક નેતૃત્વ ગામના વડા અને ઓજા ગુરુઓ સાથે રહેલું છે, જે તેમની રહસ્યવાદી શક્તિઓ માટે આદરણીય છે. અંધશ્રદ્ધાઓ અને જાદુટોનાની માન્યતા મજબૂત છે. શરીર પર છૂંદણા પણ આધ્યત્મિક મહત્વ ધરાવે છે – પુરુષો તેમના જમણા કાંડા પર છૂંદણા કરાવે છે અને સ્ત્રીઓ તેમની

છાતીના ઉપરના ભાગમાં છૂંદણા કરાવે છે અને તેઓ એવું માને છે કે આ સ્વર્ગના પ્રવેશદ્વારની ખાતરી છે. તેઓમાં પૂર્વજોની પૂજા પણ સામાન્ય છે.



## તપનમાં એફએમપીબી સેવાકાર્ય

તપન સેવાક્ષેત્ર પશ્ચિમ બંગાળના સંતાલ ક્ષેત્ર હેઠળ આવે છે, જે મુખ્યત્વે સંતાલ અને બંગાળી બોલતા સંતાલ લોકો સુધી પહોંચવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

શ્રી કિંગ્સલી અને શ્રી પોન ઓગસ્ટિન દ્વારા ૭-૨-૨૦૧૫ ના રોજ આ ક્ષેત્રનો પ્રથમ સર્વે કરવામાં આવ્યો હતો. મિશનની સત્તાવાર રીતે શરૂઆત જૂન-૨૦૧૫ માં થઈ હતી. શ્રી કિંગ્સલે ૨૦૨૩ સુધી પ્રથમ મિશનરી તરીકે સેવા આપી હતી. તેમની સાથે શ્રી ચાર્લ્સ મરાંડી અને શ્રી સિમોન કિસ્કુએ સ્થાનિક સુવાર્તિકો તરીકે સેવા આપી હતી.



નવેમ્બર ૨૦૨૩ થી, સેવાકાર્યનું નેતૃત્વ સ્થાનિક સુવાર્તિકો શ્રી રાજુ મુર્મુ અને શ્રી સિમોન માર્ડી અને તેમના પરિવારો સાથે, રેવ. હરમોહનદાસ નાયક અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## વર્તમાન આરાધના જૂથો :

નકથહર, બસપાડા, નહંબા, નૂરોલ, દવસી, બોનહર, બોડાહુમ, મહેન્દ્ર અને દિકુલ.



## સુવાર્તાનું પ્રથમ ફળ :

રાત્રિ બેઠકો, ફિલ્મ સેવાકાર્ય, પત્રિકાઓનું વિતરણ અને ફોલો-અપ મુલાકાતો દ્વારા સુવાર્તા ગામોમાં આપવામાં આવતી હતી. ટોગોલપુર ગામમાં, કેટલાક લોકોએ સંદેશનો સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો.

અલ્બીના મરાંડી નામની ૧૭ વર્ષીય યુવતી, જે એક લાંબી માંદગીથી પીડાઈ રહી હતી, ઈસુના નામે પ્રાર્થનાઓ કરાવ્યા પછી તેણી ચમત્કારિક રીતે સાજી થઈ હતી. આ ચમત્કારની સાક્ષી આપતા, દસ લોકો વિશ્વાસમાં આવ્યા હતા અને ૧૧-૪-૨૦૧૬ ના રોજ બુલ્ડોલા ગામમાં જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી. ત્યારથી, ત્યાં નિયમિત આરાધના સંગત ચાલુ રહી છે.

## સુવાર્તા માટે પડકારો :

- રાત્રિ સભાઓ, ફિલ્મ અને નાટ્ય સેવાકાર્ય સામે ગામના આગેવાનો દ્વારા પ્રતિબંધ
- દારૂનો વ્યાપ અને સ્થાનિક સ્તરે દારૂનું ઉત્પાદન
- વિશ્વાસીઓના પરિવારોનો વિરોધ

- ખોટી સુવાર્તાનો ફેલાવો
- કામ માટે અન્ય રાજ્યોમાં યુવાઓનું સ્થળાંતર
- બંગાળી ધાર્મિક વિધિઓનો સાંસ્કૃતિક પ્રભાવ
- દુષ્ટ આત્માઓ અને સામાજીક દબાણનો ડર


**પ્રાર્થનાના મુદ્દાઓ :**

- પ્રાર્થના કરો કે ચર્ચના વડીલોના શાસ્ત્રોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય અને આત્મિક પરિપક્વતામાં વિશ્વાસીઓને દોરી જાય.
- તપન ક્ષેત્રના દરેક ગામમાં સુવાર્તા માટે દરવાજા ખોલવા માટે ઈશ્વરપિતાને વિનંતી કરો.
- ઈશ્વરપિતા અંધશ્રદ્ધા અને આત્મિક અંધત્વની સાંકળો તોડે એ માટે.
- દરેક પડકાર ફળદાયી સેવાકાર્ય માટે પગથિયું બને એ માટે પ્રાર્થના કરો
- વિશ્વાસીઓ આત્મિકતામાં મજબુતાઈથી વૃદ્ધિ પામે અને તેમના સમુદાયોમાં સકારાત્મક અસર કરી શકે એ માટે.
- જે લોકો સુવાર્તાનો વિરોધ કરે છે તેઓને ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય અને તેઓ રૂપાંતરિત થાય એ માટે.
- સુવાર્તા પ્રચારની સભાઓમાં ભાગ લેનારાઓ તેમના વિશ્વાસની હિંમતપૂર્વક કબૂલાત કરે એ માટે.
- સ્થાનિક રોજગારીની તકો માટે પ્રાર્થના કરો કે જેથી વિશ્વાસીઓને કામ માટે સ્થળાંતર ન કરવું પડે.
- મિશનરીઓ અને સુવાર્તિકોના સ્વાસ્થ્ય, સંરક્ષણ માટે અને ઈશ્વર તેઓનો સામર્થ્યપૂર્ણ રીતે ઉપયોગ કરી શકે તે માટે.

**- રેવ. શ્રી હરમોહન પ્રભુદાસ નાયક, તપન ક્ષેત્ર**

## ઈશ્વરનો અરીસો

એક સામર્થ્યવાન અને આંતરદ્રષ્ટિ ધરાવતું પુસ્તક છે જે આજે ખ્રિસ્ત સાથેની તમારી આત્મિક યાત્રામાં તમે ક્યાં ઊભા છો તેનું સ્પષ્ટ પ્રતિબિંબ પ્રદાન કરે છે. સંત યોહાન દ્વારા પ્રગટ કરાયેલા પ્રકટીકરણના પ્રકરણો ૨ અને ૩ માં ઈસુએ સાત મંડળીઓને આપેલી ભવિષ્યવાણીના સંદેશાઓને ઉલ્લેખતા — ઈશ્વરના સત્યના પ્રકાશમાં વિશ્વાસીઓને તેમના આંતરિક જીવનોને તપાસવાની પરવાનગી આપીને, આ પુસ્તક આ સંદેશાઓને આત્મિક અરીસાઓ તરીકે રજૂ કરે છે. મંડળીઓને દરેક સંદેશ વિવિધ યુગમાં ખ્રિસ્તીઓની આત્મિક સ્થિતિના કાલાતીત પ્રતિબિંબ તરીકે સેવા આપે છે. આ પુસ્તકમાં જણાવેલી આંતરદ્રષ્ટિ તમારા આત્મિક વિકાસને માર્ગદર્શન આપશે અને એક પગથિયા તરીકે સેવા આપશે, માત્ર ઈશ્વર સાથેની તમારી વ્યક્તિગત ચાલ માટે જ નહિ, પરંતુ તમારા જીવન દ્વારા ઈશ્વરના રાજ્ય તરફ બીજાને દેરવાના એક સાધન તરીકે. તે સેવાકાર્ય અને જૂથ બાઈબલ અભ્યાસ માટે ઉત્તમ સાધન છે.



# ચૌરાદીહ

## મંડળીનો ઈતિહાસ

**જશીપુર ક્ષેત્ર,**
**ઉત્કલ પ્રદેશ, દક્ષિણ**
**પૂર્વીય ઝોન, ક્ષેત્ર ઉત્તર**



***શ્રીમતી આગ્નેસ એડવર્ડ દ્વારા લિખિત***

### સામાન્ય માહિતી

બડમ એક મધ્યમ કદનું ગામ છે, જે ઓરિસ્સાના મયૂરભંજ જીલ્લાના બડમબહર બ્લોકમાં સ્થિત છે, જેમાં કુલ ૧૧૦ પરિવારો રહે છે. ગામમાં ૪૬૭ ની વસ્તી છે જેમાંથી ૨૩૨ પુરુષો છે જ્યારે ૨૩૫ સ્ત્રીઓ છે, અને ૦ થી ૬ વર્ષની વયના ૭૫ બાળકો છે. વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ. ૨૦૧૧ સુધીમાં, ગામનો સાક્ષરતા દર ૩૯.૨૯% હતો. પુરુષ સાક્ષરતા ૫૪.૩૧% જ્યારે સ્ત્રી સાક્ષરતા દર ૨૪.૧૦% હતો. બડમ ગામ સરપંચ (ગામના વડા) દ્વારા સંચાલિત છે જે ગામના પ્રતિનિધિ તરીકે ચૂંટાય છે. બડમ ગામમાં, ગામની મોટાભાગની વસ્તી અનુસૂચિત જનજાતિ (એસટી)ની છે. અનુસૂચિત જનજાતિ (એસટી) બડમ ગામમાં કુલ વસ્તીના ૭૫.૫૯% છે. અહીં અનુસૂચિત જાતિ (એસસી)ની કોઈ વસ્તી નથી. તદુપરાંત, ફક્ત ૬૯.૪૨% કામદારો રોજગારમાં રોકાયેલા છે અથવા ૬ મહિનાથી વધુ કમાણી કરી રહ્યા છે. જ્યારે ૩૦.૫૮% સીમાંત પ્રવૃત્તિમાં સામેલ છે જે ૬ મહિનાથી ઓછા સમય માટે આજીવિકા પ્રદાન કરે છે. મુખ્ય કામદારો ખેડૂત અને કૃષિ મજૂર છે.

### શરૂઆત

જશીપુર સેવા ક્ષેત્ર ૩૦-૫-૧૯૮૯ ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ મિશનરીઓ શ્રી ગિદીઓન અશોકકુમાર અને પરિવાક, શ્રી હરમોહન પ્રભુદાસ નાઈક અને શ્રી બિમલ કુમાર જેના હતા. શ્રી સમરેન્દ્રસિંહના સમય દરમિયાન સુવાર્તા ચૌરાદીહ ગામમાં પ્રગટ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૫ માં, ચૌરાદીહ ગામના રહેવાસી શ્રી પાંડુ તાઈસોમ નાયકે તેના બિમાર પિતાની સારવાર કરવા માટે વિવિધ પદ્ધતિઓ અજમાવી જોઈ હતી. બિમારીને કારણે તેણે પહેલેથી જ પોતાનું બાળક ગુમાવી દીધું હતું. શ્રી પાંડુ નાઈક તેમના પિતાને તેમના ઘરથી ખૂબ દૂર એક આશ્રમમાં લઈ ગયા. તેઓ ત્યાં બાબાને મળ્યા અને તેમણે સૂચવેલા ઉપાયોને અજમાવવા સંમત થયા. જો કે, તેનાથી તેમના પિતાની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ.

તે દરમિયાન પાંડુ નાઈકના કાકા, દુલકિબડા ગામના મોન્ટે હેમ્બ્રોમે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને શાંતિપૂર્ણ જીવન જીવી રહ્યા હતા. તે સિલ્ટિયા ચર્ચના મંડળનો સભ્ય હતો. તેમણે પાંડુ



શ્રી પાંડુ નાઈક

નાઈકને ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા માર્ગદર્શન આપ્યું. તેના કાકાના શબ્દોથી સમજાવ્યાથી, પાંડુ નાઈકે ઈશ્વર પર વિશ્વાસ કર્યો. વિશ્વાસ સહિત પ્રાર્થના દ્વારા, તેના પિતાને સાજાપણું મળ્યું. પાછળથી, પાંડુ નાઈક અને તેના આખા પરિવારે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને બાપ્તિસ્મા લીધું. આમ, ૫-૮-૨૦૦૯ ના રોજ પ્રથમ બાપ્તિસ્મા ૧૦ લોકોએ લીધું હતું.

બાપ્તિસ્મા પછી, પાંડુ નાઈકના ઘરે આરાધના સંગત શરૂ થઈ. પ્રથમ આરાધના સંગતમાં, ૧૫ લોકોએ ભાગ લીધો હતો અને આરાધનામાં સુભાશ કુંટિયા અને બ્રિંદવન હેમ્બ્રોમ દ્વારા આગેવાની આપવામાં આવી હતી. ૩ અઠવાડિયા પછી, પાંડુ નાઈકના ઘરે જગ્યાના અભાવને કારણે સંગત સુનારામ ગાગરાઈના ઘરે ચલાવવામાં આવતી હતી.

## મંડળીની વૃદ્ધિ

પાંડુ નાઈક અને તેના પરિવારના સભ્યોએ તેમના સંબંધીઓને ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવાનું શરૂ કર્યું. ૯-૮-૨૦૦૫ ના રોજ શ્રી મલિકા ગાગરાય અને તેમના પરિવાર (૭ સભ્યો) એ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને બાપ્તિસ્મા લીધું. જમીન દાતા, શ્રી માચુઆ જામુડા અને તેના પરિવારે બાળકોના આશીર્વાદ દ્વારા ખ્રિસ્તનો સ્વીકાર કર્યો.

૨૦૦૬ માં, ચૌરાદીહ મંડળમાં ૨૩ લોકોને ઉમેરવામાં આવ્યા. તેમાંના મોટાભાગના પાંડુ નાઈકના સંબંધીઓ હતા. જેમ જેમ મંડળીની વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ આરાધના કરવા માટે મોટા સ્થાનની જરૂર હતી. ટૂંક સમયમાં આરાધના સંગત બેગો ગારારાઈના ઘરે શરૂ કરવામાં આવી. બે વર્ષ પછી, પ્રભુમંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું

## પ્રભુમંદિરની જમીન અને બાંધકામ

ચૌરાદીહ ચર્ચની જમીન શ્રી માચુઆ જામુડા દ્વારા દાનમાં આપવામાં આવી હતી. તેમના બાળકનો પ્રાર્થના દ્વારા બચાવ થયો હતો. તેથી, તેણે અને તેના પરિવારે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. તેણે ચર્ચ બાંધવા માટે તેની જમીન દાન કરી હતી.

૨૯-૯-૨૦૧૨ ના રોજ ચૌરાદીહ ચર્ચનો પાયો નાખ્યાં ત્યારે ગામલોકોએ તેનો વિરોધ કર્યો હતો. તેઓએ ક્ષેત્રના મિશનરી, શ્રી વિનોદ કુમારને તેમના ગામમાં પ્રવેશ ન કરવા કહ્યું કારણ કે તેઓ તેમને બહારના વ્યક્તિ માનતા હતા. પરંતુ પાછળથી તેઓએ વિરોધ કરવાનું બંધ કરી દીધું હતું. વિશ્વાસીઓએ બાંધકામના કામમાં મદદ કરી હતી. તેઓએ ફક્ત ૫૦ ટકા વેતન લીધું હતું. પ્રભુમંદિરનું નામ ‘આશા મસીહા મંડળી’ રાખવામાં આવ્યું છે. ચૌરાદીહ મંડળી ૧૦-૧૧-૨૦૧૩ ના રોજ ઈશ્વરના મહિમા માટે સમર્પિત કરવામાં આવી હતી. ઉત્કલ પ્રાદેશિક સચિવ, રેવ. અલ્બિન કિસનસિંહના હસ્તે ચર્ચની સમર્પણ વિધિ કરવામાં આવી હતી. મિશનરીઓ રેવ. હરમોહન અને શ્રી વિનોદ કુમાર પણ હાજર હતા. પ્રથમ વિશ્વાસી, પાંડુ નાઈકે ચૌરાદીહ ગામમાં સુવાર્તા કેવી રીતે પ્રગટ કરવામાં આવી તેની સાક્ષી આપી હતી. સ્થાનિક સુવાર્તિકો ફાગુ, મદન, જેબન, રસિકા અને ઘણા વિશ્વાસીઓ પણ હાજર હતા.

## ચમત્કારો

૧. તા. ૨૫-૧-૨૦૦૬ ના રોજ ચોરાદીહ પ્રભુમંદિરમાં શ્રી માચુઆ જામુડા અને તેના પરિવારના પાંચ વ્યક્તિઓએ બાપ્તિસ્મા લીધું

હતું. તેની દીકરી રાઈમની જામુડા માનસિક રીતે અસ્વસ્થ હતી. તેના પરિવારજનો તેને જાદુગર પાસે લઈ ગયા અને તેણે વિધિ કરી પરંતુ તે સાજી થઈ નહિ. પછી તેમના ઘરે ઉપવાસ સહિતની પ્રાર્થના કરવામાં આવી. ઈશ્વરના મહિમા દ્વારા, તેણી સંપૂર્ણપણે સાજી થઈ ગઈ. તેણીએ ઝડપથી તેના હાથે તાળીઓ પાડવા લાગી, અને ઈશ્વરની પ્રાર્થના કરી અને ઈશ્વરની સ્તુતિ કરી.

૨. મોતાયા તાઈસમ મગજના મેલેરિયાથી પીડાતો હતો અને ખૂબ જ નબળો પડી ગયો હતો અને તેની સ્થિતિ ગંભીર હતી. તેનો પરિવાર તેને સારવાર માટે રાઈરંગપુર હોસ્પિટલ લઈ ગયો, પરંતુ તે સ્વસ્થ થયો નહિં. અંતે વિશ્વાસીઓ એકઠા થયા અને સાથે મળીને પ્રાર્થના કરી. ઈશ્વરપિતાએ પ્રાર્થના સાંભળી અને તેને સંપૂર્ણ સાજો કર્યો.

## મંડળીની પ્રવૃત્તિઓ અને માહિતી



શ્રી સબોન ગાગરાય

નીચે જણાવેલા મિશનરીઓએ વર્ષો દરમિયાન ચર્ચમાં સેવા આપી હતી : શ્રી સમરેન્દ્રસિંહ, શ્રી અશોક નાઈક, શ્રી વિનોદ કુમાર, શ્રી ગણેશ, શ્રી પવન અને શ્રી હરમોહન પ્રભુદાસ નાઈક. ચર્ચમાં નિયમિતપણે સન્ડે સ્કૂલનું આયોજન કરવામાં આવે છે અને તેમાં લગભગ ૧૦ બાળકો ભાગ લે છે. તેમાં પાંડુ તાઈસમ નાઈક અને નાવુ તાઈસમ શિક્ષકો તરીકે સેવા આપે છે. એકત્રિત માસિક દાન લગભગ રૂા. ૫૦૦ છે. ચર્ચને તમામ પ્રકારના અર્પણો પ્રાપ્ત થાય છે જેમ કે પ્રથમ ફળોનું અર્પણ, ચર્ચનું દાન, આભારસ્તુતિનું દાન, ફંડફાળો, દસાંશ અને ચોખા વગેરે. ચર્ચના વડીલ શ્રી સબોન ગાગરાય અને વિશ્વાસીઓ સુવાર્તા પ્રચાર માટે જાય છે. જ્યારે કેટલાક વિશ્વાસીઓ તેમના સંબંધીઓને સુવાર્તા પ્રગટ કરે છે. આમ, સમુદાયમાં સુવાર્તા ફેલાઈ રહી છે. પવિત્ર પ્રભુભોજનની સંગત ચર્ચમાં ત્રણ મહિનામાં એક વાર યોજાય છે. ૨૦ થી ૨૫ લોકો પવિત્ર પ્રભુભોજનમાં ભાગ લે છે. ૨૦ થી ૩૦ લોકો રવિવારની સંગતમાં ભાગ લે છે. ચૌરાદીહ મંડળમાં ૧૨ પરિવારો (૫૭ સભ્યો) છે. જો કે, આ મંડળના વિશ્વાસીઓના લાભ માટે ચર્ચ અન્ય કાર્યક્રમો પણ કરે છે જેમ કે રાત્રિ સભાઓ, ફિલ્મ, વીબીએસ, વિશ્વાસીઓની તાલીમ, શોધક શિબિર, નાતાલના કાર્યક્રમો અને પુખ્તો માટેનો સાક્ષરતાનો કાર્યક્રમ વગેરે.

### પ્રાર્થનાના મુદ્દા :

- ચર્ચમાં ભાગ લેનારા તમામ વિશ્વાસીઓ ખ્રિસ્તમાં વધુ વૃદ્ધિ પામે એ માટે.
- વ્યસનને કારણે વિશ્વાસમાં પાછા પડતા વિશ્વાસીઓ માટે.
- ચર્ચની વિવિધ પ્રવૃત્તિઓ અવરોધ વિના ચાલે અને લોકો આશીર્વાદિત થાય માટે.
- ગામના વધુ લોકો પસ્તાવો કરે, ખ્રિસ્તને સ્વીકારે અને ચર્ચમાં જોડાય માટે.
- સાક્ષરતાનો દર સુધરે જેથી વધુ લોકો બાઈબલ વાંચી શકે અને પ્રભુના વચનો શીખી શકે માટે.

**1**
**AUGUST**
**શુક્રવાર**

## Happy Birthday

શ્રીમતી મધુર શાંતિ રમ્યા રાજુ
શ્રી માંગ્યા નાઈક જી., શ્રી રાજા બી.
શ્રીમતી ફ્લોરેન્સ દૌજાપાઓ
શ્રીમતી જેબરાની એબેનેઝર સેમ
શ્રી ક્રિપા રક્ષાના બેરે

### જમ્મુ

### આર.એસ.પુરા

### લુન્જલાલ સોંગથટ અને મેરી નેન્ગનેઈકિમ

**સ્તુતિ :** નવા ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. બાનોટી અને ચોકી ગામોમાં વીબીએસનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા બાળકોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો અને તેમાંના દસ બાળકો પ્રભુના વચનો અને માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા પ્રતિબદ્ધ થયા હતા. શોધકમિત્રો માટેની ૨ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૦ વ્યક્તિઓ હાજર રહી હતી. ચૌકી ગામના વિશ્વાસી દીપકને આત્માઓ જીતવાની તાલીમ આપવામાં આવી હતી જેથી તે તેના સંબંધીઓને સક્રિયપણ સુવાર્તા પ્રગટ કરે. કિડનીની નિષ્ફળતાથી પીડાતી અકરચકની પૂજા ઈશ્વરપિતાની કૃપાથી ધીમે ધીમે સ્વસ્થ થઈ રહી છે.

**પ્રાર્થના :** પૂજા, પિંકી અને પુલભાઈએ તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરી છે તે તેમાં દ્રઢ રહે અને પ્રભુમાં વૃદ્ધિ પામે એ માટે. આપણા ચર્ચના વડીલો — પુરાચંદ અને કૃણલાલ અને વિશ્વાસીઓ જગદીશ અને રાજિકાના પરિવારો વિશ્વાસમાં નબળા પડ્યા છે અને આત્મિક પ્રવૃત્તિઓમાં રસ લેવાનું છોડી દીધું છે, તેઓ પસ્તાવો કરે અને પ્રભુમાં પાછા ફરે એ માટે. કુલિયન ગામમાં ચર્ચના નિર્માણ માટે યોગ્ય જમીનની પ્રાપ્તિ અને ચર્ચના નિર્માણકાર્ય માટે વિશ્વાસીઓ યોગદાન આપે એ માટે. આપણા મિશનરીની પત્ની મેરીની સલામત પ્રસૂતિ માટે.

### નારોટ

### સિયાનલુથુંગ ઝોઉ ટી અને લિંગનીહોઈ

**સ્તુતિ :** પાંચ સ્થળોએ યોજાયેલ વીબીએસના વર્ગોમાં ૧૫૧ નવા બાળકો ખ્રિસ્ત વિષે શીખ્યા હતા. પાંચ ગામોમાં લગભગ ૮૫૦ લોકોને સુવાર્તા પ્રગટ કરી હતી. ઈશ્વર ઘણાને નવા કરારનું વિતરણ કરવામાં પણ મદદ કરી હતી. જિલુ અને જોની પરિવારોએ બાઈબલ વાંચવામાં અને ખ્રિસ્તના શિષ્યો બનવામાં રસ વ્યક્ત કર્યો છે. સ્થાનિક સુવાર્તિક ભીમલા દેવીને સુવાર્તાનો ઉપદેશ આપવા પડોશી ગામની મુસાફરી કરતી વખતે ધસમસતી નદીમાંથી બચાવી લેવામાં આવી હતી.

**પ્રાર્થના :** નવી વિશ્વાસી જીલુને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા સનમ, કુંજલ, રાજુ, સાકિલ અને તન્નાને આશીર્વાદ આપે જે નોકરી અને લગ્ન માટે પ્રાર્થના કરી રહ્યા છે. સાકિલ માટે, જે ટૂંક સમયમાં સાજાપણું મેળવે જે પગના અલ્સરને કારણે લાંબા સમયથી ચાલવામાં અસમર્થ રહ્યો છે અને ખ્રિસ્તને ઓળખે એ માટે. કઠુઆ જીલ્લામાં રહેતા મોટા મહેસા વંશીય જૂથમાં સુવાર્તા ફેલાવવા અને તેઓ ખ્રિસ્તને સ્વીકારે એ માટે.

**2**

**AUGUST**

**શનિવાર**

Happy Birthday

શ્રી થેન્ગ ખાન કાપ પી.

શ્રીમતી કુમારે ભારતી ભારૂડે પ્રતાપ

**રામગઢ**

### જહોન એઝુંગ અને લિબેની જામી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને અફતાલ અને રાજપુરા ગામોમાં સુવાર્તાના મોટા પાયે પ્રકટીકરણનો આશીર્વાદ આપ્યો છે અને લોકો તરફથી સકારાત્મ પ્રતિસાદ મળ્યો છે. આત્માઓ જીતવાની સભાઓ અને નાના પ્રાર્થના જૂથો માટે તાલીમમાં ઘણી મહિલાઓએ ભાગ લીધો હતો. રામગઢમાં એક નાનું પ્રાર્થના જૂથ શરૂ કરવામાં આવ્યું હતું. વીબીએસના કાર્યક્રમમાં ૫૪ નવા બાળકોએ ભાગ લીધો હતો અને પ્રભુના વચનો શીખ્યા હતા. પાંચ મહિલાઓએ વીબીએસના કાર્યક્રમમાં મદદ કરી હતી. સંજયને ઈલેક્ટ્રીક શોક લાગ્યો હતો પરંતુ પ્રભુએ તેમનો બચાવ કર્યો હતો. ૯ સ્થળોએ આયોજીત રાતની સભાઓમાં ઘણા લોકોએ સુવાર્તા સાંભળી હતી.

**પ્રાર્થના :** રણદેવ કોલોનીની નેન્સી માટે પ્રાર્થના કરીએ કે તેણીને ઈશ્વરનો સ્પર્શ થાય જે ફક્ત વિશ્વાસમાં નબળી જ નથી પડી પરંતુ તેણીએ અન્ય વિશ્વાસીઓને પણ ભટકાવી દીધા છે અને મૂર્તિપૂજા તરફ દોરી ગઈ છે. રામગઢ અને શિવાજીનગરમાં આયોજીત બાળ વર્ગો કોઈ પણ અવરોધ વિના ચાલી શકે એ માટે. વિરોધી જૂથો સાથે શાંતિ બની રહે એ માટે. કોથી ગામમાં વિરોધને કારણે બંધ થયેલી આરાધના સંગત પુનઃ શરૂ થાય એ માટે. આવો આપણે પ્રાર્થના કરીએ કે વિરોધીઓ પણ ઈશ્વરને શોધી શકે.

## હિમાચલ પ્રદેશ

**રામપુર**

### દૌજાપાઓ ગ્વાઈટ અને ફ્લોરેન્સ

**સ્તુતિ :** કપડાના બોક્સમાં રહેલા સાપથી ગંગારામનું ચમત્કારિક રીતે રક્ષણ કરવામાં આવ્યું હતું. નાના પ્રાર્થના જૂથોના આગેવાનોની તાલીમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના દ્વારા સાક્ષીને પેટના કેન્સરથી સાજાપણું મળ્યું હતું. કેટલાક નવા સંપર્કો આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે. કેટલાક ગામોમાં સુવાર્તા પ્રચાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** રીનાને તેના કોર્ટ કેસમાં સકારાત્મક ચુકાદો મળે એ માટે. વિદ્યાસાગરને ત્વચાની એલર્જીથી અને મગજની ચેતાની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક કુંબાધસની પુત્રી મંજુને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. તમામ વિશ્વાસીઓ રવિવારની સંગતો અને પ્રાર્થના સભાઓમાં નિયમિતપણે ભાગ લે એ માટે.

**3 AUGUST**
**રવિવાર**

### કરસોગ

#### પવનકુમાર અને પ્રભાશિની દેવી

**સ્તુતિ :** પાંચ વર્ષથી આંખની સમસ્યાથી સંઘર્ષ કરી રહેલી સુનિતાને સાજાપણું મળ્યું હતું. પાપુને ભયાનક અકસ્માત નડ્યો હતો તેને ચમત્કારિક રીતે સાજાપણું મળ્યું હતું. કુસુમ્બાના પતિએ કૌટુંબિક સમસ્યાને કારણે ઘર છોડી દીધું હતું અને તે ઘરે પરત ફર્યો હતો. સંજય અને સુનિથ જે ઈશ્વરની સેવા કરવા પ્રતિબદ્ધ છે અને સેવા આપી રહ્યા છે.

**પ્રાર્થના :** યુગલ પાપુ અને સંબાદેવીને તેમના દેવામાંથી છુટકારો મળે અને તેમના શાંતિપૂર્ણ જીવન માટે. મિશનરીઓ, નાના પ્રાર્થના જૂથો અને ચર્ચના વડીલો માટેની આયોજીત તાલીમ કોઈપણ વિના આયોજીત થઈ શકે એ માટે.

### પંજાબ

### ભટિંડા

#### સંજીબ આનંદ અને પ્રસ્તુબાતી પાનિ

**સ્તુતિ :** બાળકો માટેની મીટીંગમાં ૪૫ બાળકોએ ભાગ લીધો હતો. સીમા કૌર અને પોલિજીત કૌરે પોતાને પૂર્ણ સમયના મિશનરીઓ તરીકે પ્રતિબદ્ધ કર્યા છે. જસપ્રીત કૌરને પેટની ગાંઠ અને મનજીત કૌરને યકૃતની સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું. ટી.પી. સિંહના પરિવારની સમસ્યા પ્રાર્થના દ્વારા ઉકલી છે અને હવે તેઓ શાંતિથી રહે છે.

**પ્રાર્થના :** કોનિયાના, સપકાઈ અને તેલવાણી વિસ્તારોમાં સેવાકાર્ય વૃદ્ધિ પામે એ માટે. ઈશ્વર પ્રતિબદ્ધ લોકોને બોજથી સેવાકાર્યમાં મદદ કરવા મોકલે એ માટે. ઈશ્વરપિતા આરતી, સુષ્મિતા અને સાથકરને આશીર્વાદિત કરે કે જેઓ તેમના સ્વેચ્છાએ સેવાકાર્યમાં મદદ કરી રહી છે. ઈશ્વરપિતા પૂજાને અશુદ્ધ આત્મા અને મૌની, કુલદીપ અને રતીને દારૂના વ્યસનમાંથી મુક્તિ આપે એ માટે. ઈશ્વરપિતા નવા આરાધના જૂથ શરૂ કરવા અને તેને ફળદાયી બનાવવા મિશનરીઓ દ્વારા લેવામાં આવેલા પ્રયત્નોને આશીર્વાદ આપે એ માટે.

### પૂરુ પાડનાર ઈશ્વર

મધ્ય પ્રદેશમાં નિવાલ્લી સેવા ક્ષેત્રમાં રહેતા વિશ્વાસી પ્રકાશ, તેમના મોટા ભાઈને ગુજરાતના બરોડાની એક હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ૧૫ દિવસની સારવાર બાદ, તેના તમામ નાણાં ખર્ચાઈ ગયા હતા. ડોક્ટરે બીજા ત્રણ દિવસની સારવારની સલાહ આપી, પરંતુ તેની પાસે માત્ર રૂા.૧૦ બચ્યા હતા અને મદદ માટે નજીકમાં કોઈ ન હતું. નિરાશ હૃદયે તેણે પથારીમાં ઘૂટણિયે પડીને પ્રાર્થના કરી. બીજા દિવસે વહેલી સવારે, એક વ્યક્તિ તેની પાસે ગયો, તેને રૂા. ૧૬૦૦ આપ્યા અને કહ્યું, મને આ નાણાં તમને આપવા માટે પ્રેરણા મળી હતી. પ્રકાશ તે કોણ છે તે પૂછે તે પહેલા તે માણસ જતો રહ્યો હતો. આ ચમત્કારિક જોગવાઈ માટે પ્રકાશે ઈશ્વરપિતાની સ્તુતિ કરી. હાલેલુયાહ.

**4 AUGUST**

**સોમવાર**

Happy Birthday

શ્રીમતી મંગાઈયકારસી બેન્જામિન
શ્રીમતી સુવિલા ગનાનાપ્પુ ડેનિયલ

## અહમદગઢ મંડી

### કૃપા રક્ષાના અને શકીના એસ.

**સ્તુતિ :** નવા ૨ ગામોમાં ૨૫૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ચન્ના ગામમાં આયોજીત વીબીએસમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો તેમાંથી ૬૦ લોકો બિનવિશ્વાસીઓ છે. રોહિરા ગામમાં પ્રથમ વખત આયોજીત વીબીએસમાં લગભગ ૧૨૦ બાળકોએ ભાગ લીધો હતો. કિરાના અને સરબજિત કૌરને શેતાની બંધનમાંથી મુક્તિ મળી હતી. ૨૦ દિવસથી ઝાડા-ઉલટીને કારણે નબળી પડી ગયેલી સરબજીત માટે વિશ્વાસીઓએ પ્રાર્થના કરવતા તેણીને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** રાજકોટ, મતાબગ્રાહસ ધાલેર અને મીની ચપ્પર ખાતેના વીબીએસ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો પ્રભુ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસ અને જ્ઞાનમાં વૃદ્ધિ પામી શકે એ માટે. સ્તન કેન્સરથી પીડીત સીમાના સાજાપણા માટે. સિમરનના પરિવારમાં ઈશ્વરીય શાંતિ પ્રાપ્ત થાય અને તેમની તમામ કૌટુંબિક સમસ્યાઓ ઉકેલાઈ જાય એ માટે. બિના અને તેના ત્રણ બાળકો ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે.

## હરિયાણા

## જીવનનગર

### અલિયાકીમ જેના અને દીપીકા રેખા

**સ્તુતિ :** સિરસાના સુખદેવને કિડનીની નિષ્ફળતાને કારણે આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે વિશ્વાસીઓએ ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી ત્યારે તેને હોસ્પિટલમાંથી રજા આપાવમાં આવી હતી. રમેશકુમાર અને મુમરાજ પરિવારો ઉત્સાહપૂર્વક આરાધના સંગતોમાં ભાગ લઈ રહ્યા છે. ૨ સ્થળોએ સત્સંગ હાથ ધરવામાં આવ્યા હતા, ૫ સ્થળોએ મીટીંગ અને બાળકોના વર્ગોનું કોઈપણ અવરોધ વિના આયોજન કરવામાં આવ્યું હતુ.

**પ્રાર્થના :** આ ક્ષેત્રમાં કાર્યરત મિશનરીઓના સારા સ્વાસ્થ્ય માટે. ઈશ્વર આગામી ફિલ્મ સેવાકાર્ય, રાત્રિસભાઓ અને પ્રાર્થના જૂથોને આશીર્વાદિત અને ફળદાયી બનાવે એ માટે. આરાધના સંગતોમાં ઉત્સાહી ભાગ લેનારા તમામ લોકો તેમના વિશ્વાસની હિંમતપૂર્વક કબલાત કરે એ માટે. મહિલાઓ માટે હાથ ધરવામાં આવેલી તાલીમ માટે, આત્માઓ જીતવા અને ચર્ચના વડીલોની તાલીમમાં સામેલ થવા અને પ્રશિક્ષિત લોકો સુવાર્તા પ્રચાર કાર્ય કરે એ માટે.

**5**
**AUGUST**
**મંગળવાર**

Happy Birthday

શ્રીમતી જ્યોત્સના દેવી પ્રસંથ
શ્રીમતી મેશરામ કલ્પના વાલવી નેતાજી

### કલનવલી

### વિજય કુમાર આર અને જેબાલા એસ.

**સ્તુતિ :** ઓધાન, કલનવલી અને દુદુરોડના બાળકો અને પુખ્ત વયનાઓ માટે આયોજીત બાઈબલ અભ્યાસમાં તેઓએ ભાગ લીધો હતો. પીપલી ગામના સંદીપનો પુત્ર જ્યારે સોયાના બીજ ગળી ગયો હતો અને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી ત્યારે ઈશ્વરપિતાએ તેનો બચાવ કર્યો હતો. ૯ ગામોમાં કોઈ વિક્ષેપ વિના રાત્રિ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું

**પ્રાર્થના :** અસીર, સકેર્યાયિન અને ઝલાન ગામમાં શરૂ થયેલા બાળ વર્ગો નિયમિત અને ફળદાયી બને અને તેઓ પ્રભુમાં પરિપક્વ બને એ માટે. ડ્રગ્સના વ્યસની અને એઈડ્સથી પ્રભાવિત જશવીરના સાજાપણા માટે.

### રાજસ્થાન

### શ્રીગંગાનગર

### બિનોત સોમ્પ્રમેરી અને મિરીલા સોમ્પ્રમેરી

**સ્તુતિ :** નવા ૨ પરિવારોએ ચર્ચમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. આ ક્ષેત્રમાં નવી રવિવારની સંગત શરૂ કરવામાં આવી છે. સંદીપને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. મીરાબાઈ તેના ઘૂંટણના અસ્થિભંગમાંથી સ્વસ્થ થઈ રહી છે. ઈશ્વરપિતાએ મિશનરીઓને એફએમપીબીમાં ૨૫ પૂર્ણ કરવા સક્ષમ બનાવ્યા છે, જો કે રાજસ્થાનમાં તેમની હાલની નિમણૂંક તેમના માટે ખૂબ નવી છે.

**પ્રાર્થના :** સતાવણી અને વિરોધ મધ્યે સુવાર્તા પ્રગટ કરી શકાય અને દરવાજા ખુલ્લા મળે એ માટે. કેટલાક મંડળોની સલામતી માટે જે પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદની નજીક છે. નવું રચાયેલું મંડળ સંખ્યામાં અને વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. પ્રાર્થના કરીએ કે આપણે આપણા વર્તમાન ક્ષેત્રમાં ભાષા અને સંસ્કૃતિને અનુકૂળ થઈ શકીશું. આપણા મિશનરી બિનોટને મગજના સ્ટોકમાંથી સારી રીતે સાજાપણું મળે એ માટે.

### પ્રાર્થના કરો

કૃપા કરીને ઝારખંડના કાકી ડોમડા ગામની બહેન નમસિપનરા (૪૦ વર્ષ) માટે પ્રાર્થના કરો. અગાઉ જાદુટોના કરતી હતી અને તેના દ્વારા તેના પરિવાર માટે સારી આવક મેળવતી હતી. હવે તેણે ઈસુ ખ્રિસ્તને તેના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે અને જુની બાબતો છોડી દીધી છે. કૃપા કરીને તેણીને તમારી પ્રાર્થનામાં યાદ રાખો કે તેણી તેના નવા વિશ્વાસમાં વૃદ્ધિ પામે અને પ્રભુ માટે સાક્ષીરૂપ બને.




ઉપવાસ સહિતની પ્રાર્થના

Happy Birthday

શ્રીમતી સુધારાની ભાઈ રવિ

## ખેરવાડા

### કેનોઝ સ્ટેન્લી અને વાંગલપુડી ચાંદીની, દેવાશિસ હેમબ્રોમ અને શેફાલી હંસદા

**સ્તુતિ :** મમતાબેન અને રીનાબેનને સલામત પ્રસૂતિ થઈ હતી. કરીના બલેયાહે જ્યારે ઝેર પીધું ત્યારે ઈશ્વરપિતાએ તેના જીવનનું રક્ષણ કર્યું હતું. અશોક જોથીયાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. આપણા સ્થાનિક સુવાર્તિકના પુત્ર ગણેશભાઈના લગ્નનું થોડાક ખળભળાટ વચ્ચે ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે મોતીબેનને વીંછીએ ડંખ માર્યો ત્યારે ઈશ્વરપિતાએ તેનો બચાવ કર્યો હતો. રીનાબાઈને ગર્ભાશયની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આપણા સ્થાનિક સુવાર્તિકની પુત્રી શિલ્પાને ઓપરેશન વિના કિડનીની પથરીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિકની પત્ની સુરથાબેનને માનસિક બિમારીમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. મમશાબેનને હતાશા અને સોનીબેનને પેટની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. નાનીબેન, રમીલાબેન, કાલીબેન, જીતેન્દ્રભાઈને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

## ઉદયપુર

### આશિષકુમાર અને સવિતા દેવી

**સ્તુતિ :** ક્ષેત્રમાં આયોજીત પ્રાર્થના સભામાં ૨૬ લોકોએ હાજરી આપી હતી અને પવિત્ર જીવન જીવવા પ્રતિબદ્ધ થયા હતા. જુદીજુદી ૩ જગ્યાએ આયોજીત આત્મિક જાગૃતિની મીટીંગમાં ૨૦૦ કરતા વધુ લોકોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. રમેશ, લીલા અને રાજમોલને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. આરતીને કિડનીની સમસ્યા અને અર્પિતાને વાઈની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** બિજલી અને સંગીતાના પરિવારો ગામના મુખીના ડરથી રવિવારની સંગતમાં આવતા અચકાય છે. ટીબીમાં મૃત્યુ પામેલ સુગુણાની ખ્રિસ્તી વિધી પ્રમાણે દફનવિધિ કરવા માટે ગામલોકોએ પરવાનગી આપી નહતી તેઓને ઈશ્વરપિતાનો સ્પર્શ થાય એ માટે. જેઓ સુવાર્તાનો વિરોધ કરે છે તેઓના હૃદયનું બદલાણ થાય એ માટે. અકસ્માતમાં દેવીલાલના પગમાં ફ્રેક્ચર થયું હતું, ઈશ્વરપિતા તેને સાજાપણું આપે એ માટે. બલાસિયાના તાલુકામાં સેવાકાર્ય વૃદ્ધિ પામે એ માટે.

**7 AUGUST**
**ગુરુવાર**

Happy Birthday

શ્રી મોઝેસ મુરલિધરન એસ.
શ્રીમતી જોશના જયરાની ઈબિનેસાર
કુ. આરતી

## ઉત્તરપ્રદેશ

### રાનિયા

### અનિલકુમાર અને કવિતા

**સ્તુતિ :** આઠ સ્થળોએ આયોજીત વીબીએસમાં લગભગ ૩૦૦ બાળકોએ ભાગ લીધો હતો અને ખ્રિસ્ત વિષે જાણ્યું હતું. તેમના માતાપિતાએ પણ અંતિમ દિવસના કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. બારજોર ચર્ચનું નિર્માણકાર્ય કોઈપણ અવરોધ વિના સરળતાથી થઈ રહ્યું છે. ઈશ્વરપિતાએ અમિતને ફેક્ટરીમાં કામ કરતી વખતે અકસ્માતમાં હાથ કપાઈ જતા બચાવ્યો હતો અને તેને સાક્ષી બનાવ્યો હતો.

**પ્રાર્થના :** ગામમાં મીટીંગોમાં આવતા નવા વિશ્વાસીઓની વિનંતીઓ ઈશ્વરપિતા પૂર્ણ કરે અને તેઓ દરરોજ વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. આપણે પ્રાર્થના કરીએ કે ભાગલાવાદીઓ રાનિયામાં વિવિધ સાંપ્રદાયિક ઉપદેશો દ્વારા વિશ્વાસીઓને વિભાજીત કરી રહ્યા છે, તેઓ નવી જગ્યાઓ મંડળીઓને નષ્ટ કરવા ન જાય એ માટે. નવા આવેલા બાબુ અને અરવિંદના પરિવારો ઝડપથી એક પરિવાર તરીકે પ્રભુ પર વિશ્વાસ કરે એ માટે.

### ઘાટમપુર

### જંગખોલુન થોટાંગ અને નેગી થિયાનચિંગ

**સ્તુતિ :** વિરોધના કારણે આરાધના સંગતમાં આવવા ડરતા વિશ્વાસીઓ હવે આવવાનું શરૂ કરી રહ્યા છે. ઈશ્વરપિતાએ અમને મોટી સંખ્યામાં લોકોને એકઠા કર્યા વિના પ્રાર્થના કરવા અને સુવાર્તા પ્રચાર કરવા ઘરે ઘરે જવાનું શક્ય બનાવ્યું છે. રાજીવ કુમારના પરિવારને જમીનના લાંબા સમયથી ચાલતા વિવાદમાંથી મુક્તિ મળી છે. વાલ્મિકી સમુદાયના લોકોએ સુવાર્તાને સ્વીકારવાનું શરૂ કર્યું છે.

**પ્રાર્થના :** વિશ્વાસીઓમાં રહેલો ડર દૂર થાય એ માટે. સોનુ, રેખા અને સુમિત વિશ્વાસમાં મજબૂત બને અને તેઓ શેતાનના બંધનોમાંથી મુક્ત થાય એ માટે. રવિકુમાર, અરવિંદ, રામશક્તિ, આરતી અને સુનિતાના કુટુંબની સમસ્યાનું નિરાકરણ આવે અને તેઓ શાંતિથી રહે એ માટે. આપણા વિશ્વાસીઓના બાળકો જેમણે સરકારી નોકરીઓ મેળવી છે તેઓ વિશ્વાસથી દૂર ન જાય એ માટે.

**8**
**AUGUST**
**શુક્રવાર**

## Happy Birthday

શ્રી એન્ડ્રુઝ જવાહર
શ્રીમતી હેપ્સીબા એન્ડ્રુઝ
શ્રીમતી મહાલા શિલાબેન પાડવી સોમાલિયા

### ભરથાના

### રાજન એસ. અને જેબા મલાર

**સ્તુતિ :** ૪ સ્થળોએ રાત્રિ મીટીંગ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, ૩૨ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. સુવાર્તા ૨ ગામોમાં પ્રગટ કરવામાં આવી હતી. મામન ગામમાં વિરોધને કારણે આરાધના સંગત રોકી હતી, પરંતુ આપણી પ્રાર્થનાના જવાબ તરીકે ઈશ્વર આપણને સેવા ફરીથી પ્રારંભ કરવા અને અઠવાડિયામાં બે વખત તેનું સંચાલન કરવા માટે સક્ષમ બનાવ્યા હતા. મિલચ ચર્ચની ૧૧ મી વર્ષગાંઠ એક ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. આપણા ચર્ચના વડીલ અવનિશ જે ઉત્સાહથી સુવાર્તા પ્રચારના સેવાકાર્યોમાં ભાગ લે છે, તેમના માટે સરકારે એક મકાનની મંજૂરી આપી દીધી છે અને ઘણા વર્ષોથી અટકાવી રાખવામાં આવેલા નાણાં પણ મુક્ત કરવામાં આવ્યા છે.

**પ્રાર્થના :** મેગના ચર્ચ અને આપણા સ્થાનિક સુવાર્તિક શ્યામ સુંદર સામેનો કોર્ટ કેસ સકારાત્મક ચુકાદા સાથે ટૂંક સમયમાં સમાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા સચીનને દિલાસો આપે એ માટે જેણે એક જ મહિનામાં તેના પિતા અને દાદા ગુમાવ્યા હતા. ઈશ્વરપિતા સુમન, સેવેટા અને કમ્પુટને સલામત પ્રસૂતિનો આશીર્વાદ આપે એ માટે. ઈશ્વરપિતા મનીષા, મધુ, મમતા અને પ્રિયંકાને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. ઈશ્વરપિતા સોનીને પગના ગુમડાની સમસ્યામાંથી સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા લક્ષ્મીને કિડનીની પથરી અને ગર્ભાશયના સોજામાંથી સાજાપણું આપે એ માટે. શારદાને પિત્તાશયની પથરી અને લાલીને ગર્ભાશયના સોજામાંથી સાજાપણું મળે એ માટે.

### નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિશન્સ

### એન રાજદુરાઈ પ્રેમા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને નવા ૧૦ મિશનરીઓને તેમની તાલીમ પૂરી કરવા અને મિશન ક્ષેત્રોમાં મૂકવા માટે સક્ષમ બનાવ્યા હતા. કાજલ અને વિજિતાએ તેમની તાલીમ પૂર્ણ કરી છે, તેઓએ લગ્ન કર્યા છે અને કર્ણાટકમાં તેમના સેવા ક્ષેત્રોમાં તેમના પતિ સાથે જોડાયાં છે. મોહિત અને પંકજ સ્વૈચ્છિક રીતે સેવાકાર્યમાં મદદ કરવા માટે તાલીમ કેન્દ્રમાં જોડાયા છે. મિશનરીઓ જેલમાં આપણા વિશ્વાસીઓને મળવા અને તેમને પ્રોત્સાહિત કરવા સક્ષમ બન્યા હતાં. નવા ભરતી થયેલા મિશનરીઓ માટે પ્રાર્થના કરશો.

**પ્રાર્થના :** જે વિશ્વાસીઓ જેલમાં છે અને તેમના સંબંધીઓ તરફથી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેઓ માટે. આપણા છાત્રાલયના બાળકોને ઈશ્વરપિતા ભાવિ મંડળીઓના આધારસ્તંભ તરીકે તૈયાર કરે એ માટે. તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવતા ૬ વ્યક્તિઓ ભારે ગરમીથી પ્રભાવિત ન થાય એ માટે. આપણા સેવા ક્ષેત્રના ઘણા યુવા વિશ્વાસીઓ પૂર્ણ સમયના સેવાકાર્ય માટે સમર્પિત થાય એ માટે.

9
AUGUST
શનિવાર

Happy Birthday
શ્રીમતી જોસેફિન શીબા જીવનંદન

## મધ્યપ્રદેશ

### નિવાલી

**હાબેલ હેમબ્રોમ અને બસંતી મરાંડી**

**સ્તુતિ :** પ્રાર્થના મીટીંગ દરમિયાન પાંચ લોકોએ પોતાને પવિત્ર જીવન જીવવા માટે પ્રતિબદ્ધ કર્યા હતા. ત્રણ સ્થળે યોજાયેલ વીબીએસમાં ૧૫૦ બાળકોએ ભાગ લીધો હતો અને પ્રભુના આશીર્વાદ મેળવ્યા હતા. એક ગામમાં ઈશ્વરપિતાએ ઘરે ઘરે મુલાકાત દ્વારા ઘણાને સુવાર્તા પ્રગટ કરવા માટે મદદ કરી હતી. ૧૪ સ્થળોએ મહિલાઓ માટે પ્રાર્થના સભા યોજવામાં આવી હતી.

**પ્રાર્થના :** બે સ્થળોએ નવા મિશન ક્ષેત્રો શરૂ કરવામાં આવ્યા હતા. અહીં સેવાકાર્ય કરતા સમર્પિત સ્થાનિક સુવાર્તિકો, મંડળીના વડીલો નિયમિતપણે રવિવારની સંગતોનું આયોજન કરે અને વિશ્વાસીઓ પવિત્ર જીવન જીવે અને તેમના સંબંધીઓ અને ગામલોકોને ખ્રિસ્તના વાડામાં લાવે એ માટે.

### મોરેના

**હોશિયલ નાઈક અને ગીતાંજલી**

**સ્તુતિ :** બે લોકોએ પોતાનું જૂનું પાપી જીવન ત્યજી દીધું છે અને પવિત્ર જીવન પસંદ કર્યું છે. ગોલુ, એક સારો વિદ્યાર્થી અને સારો વિશ્વાસી, તેની પરીક્ષાઓ દરમિયાન તેના હાથ અને પગમાં સ્નાયુના ખેંચાણને કારણે ખૂબ જ નબળો પડી ગયો, ઈશ્વરપિતાએ તેની પ્રાર્થના સાંભળી અને તેના હાથમાં શક્તિ પુનઃસ્થાપિત કરી અને તેને પરીક્ષાઓ સારી રીતે લખવા માટે સક્ષમ બનાવ્યો હતો. કવિતા અને સીમા સ્વૈચ્છિક રીતે ગામમાં સુવાર્તા પ્રચાર કરે છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા ઉદયવીરને દિલાસો આપે એ માટે, જેની પત્ની કિડનીની નિષ્ફળતાને કારણે પથારીવશ છે અને ઉદયવીરના પિતા તાજેતરમાં નિધન પામ્યા છે. ખૈરિંડા ગામના સૈલેન્દ્રનો પરિવાર દુષ્ટ આત્માઓને કારણે અવારનવાર માંદગી અને મુશ્કેલીઓથી કંટાળી ગયા છે, આવો આપણે પ્રાર્થના કરીએ કે ઈશ્વરપિતા તેમને પ્રોત્સાહિત કરે. મોહનસિંહ અને શકુંતલાના પરિવારોને ઈશ્વરપિતા મજબૂત બનાવે એ માટે.

## પૂર તમને ડૂબાડશે નહિ

મહારાષ્ટ્રના પેન્ટ ક્ષેત્રમાં બોપરડા ગામની વિશ્વાસી અનુસુયા, કપડાં ધોવા માટે તેના પતિ સાથે નજીકની નદીમાં ગઈ હતી. ભારે વરસાદને કારણે નદી અચાનક છલકાઈ ગઈ, અને અનુસુયા મજબૂત પ્રવાહને કારણે દૂર તણાઈ ગઈ. તેણીના પતિએ પ્રભુને પોકાર કર્યો અને ગ્રામજનોએ તેની શોધખોળ કરી. ચમત્કારિક રીતે, તેણીને કોઈ નુકસાન થયા વિના તે નદીના કિનારે આવી હતી અને થોડા સમય પછી તે જાતે જ ઊભી થઈ હતી. આખા પરિવારે ઈશ્વરની તેમના શક્તિશાળી રક્ષણ માટે સ્તુતિ કરી અને આનંદ કર્યો. ઈશ્વરના નામનો મહિમા થાઓ.

10 AUGUST
રવિવાર

Happy Birthday

શ્રીમતી સનમાતા મનોહર થાને
શ્રી ઓમપ્રકાશ

**ગુના**

**સતીષ ટી અને શર્મિલા એ.**

**સ્તુતિ :** જ્યારે વિશ્વાસીઓએ એકઠા થઈને તેમને માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ દીવાન બરેલાની વીંછીના ડંખની પીડા ઓછી કરી. સીતા બરેલા અચેતન અવસ્થામાં હતી ત્યારે તેના પરિવારમાં સુવાર્તા પ્રકટ કરી અને પ્રાર્થના કરવામાં આવી ત્યારે ઈશ્વરપિતાએ તેને સાજી કરી હતી. નવા ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. અંજનભાઈ અને રઘુભાઈને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. દીપકને શરીરના સોજા અને દુઃખાવામાંથી પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** જેઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસની કબૂલાત કરી છે તેઓ પ્રભુમાં વૃદ્ધિ પામે એ માટે. ગામમાં સેવાકાર્યનો વિરોધ કરતા જાદુગરો પસ્તાવો કરે અને પ્રભુનો સ્વીકાર કરે એ માટે. રંજના અને રાધાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. બાસ્કેડી ગામમાં આરાધના સંગત શરૂ કરવાના પ્રયત્નો સફળ થાય એ માટે. કુડીબાઈના પતિએ લગ્નના ૧૨ વર્ષમાં બાળક ન થવાને કારણે તેને ત્યજી દીધી હતી તે ઘરે પાછા ફરે અને બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા કરોડરજ્જુની સમસ્યાથી આપણા મિશનરી સતીશને અને તેની પત્નીને વાઈની બિમારીમાંથી સાજા કરે એ માટે.

**ડાબરા**

**સતીકાંત પારિચા અને સાગરિકા પ્રધાન**

**સ્તુતિ :** ૩ સ્થળોએ આયોજીત બાળકોની શિબિરમાં ૫ કિશોરોએ પ્રભુ ઈસુ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. વિશ્વાસીઓ અને ચર્ચના વડીલો તેમના હૃદયમાં એક મોટા બોજ સાથે આત્માઓ જીતવા માટે પોતાને સક્ષમ કરી રહ્યા છે. ચર્ચ વડીલોની તાલીમ અને મહિલાઓની સભાઓમાં ઘણાને શાસ્ત્રમાંથી શીખવાનો આશીર્વાદ મળ્યો હતો. આપણા મિશનરીએ પ્રભુના વચનો પ્રગટ કર્યા બાદ અને સલાહ આપ્યા બાદ પારિવારિક સમસ્યાનો સામનો કરી રહેલા મદન અને રીના હવે શાંતિનો આનંદ લઈ રહ્યા છે અને હવે તેઓ આરાધના સંગતોમાં ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** પિથરવરમાં એક પ્રભુમંદિર ટૂંક સમયમાં બનાવવામાં આવે એ માટે. ઈશ્વરપિતા સેવાકાર્યમાં મદદ કરવા માટે સમર્પિત સ્થાનિક સુવાર્તિકો પૂરા પાડે એ માટે. પ્રેમનગર ચર્ચમાં તાલીમ કેન્દ્ર બનાવવા માટે પાલિકાની પરવાનગી મળે એ માટે. તહસિલદારના કાર્યાલય અને પાલિકામાં સુલતાનપુર ચર્ચની જમીની નોંધણી થઈ શકે એ માટે. ફિલ્મ સેવાકાર્ય માટે જરૂરી ઉપકરણો પ્રાપ્ત થાય એ માટે. જેઓ વિશ્વાસમાં નબળા પડ્યા છે તેઓ ઈસુ પરના વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે.

**11**
**AUGUST**
**સોમવાર**

### ધાર

### સન્તુ મરાંડી અને રાખી

**સ્તુતિ :** કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. વિશ્વાસીઓ માટે આયોજીત ૩ દિવસીય આધ્યાત્મિક મેળામાં ઘણાને આશીર્વાદ મળ્યા હતા. કંદવાણી ગામના બિલાલા લોકજૂથ આતુરતાથી સુવાર્તા સાંભળે છે. ચર્ચના વડીલો માટે આયોજીત તાલીમી કાર્યક્રમથી તેમને તેમના આત્મિક જીવનમાં વૃદ્ધિ કરવા અને તેમના મંડળોને યોગ્ય રીતે દોરવણી આપવામાં મદદ મળી હતી.

**પ્રાર્થના :** બિલકુંડા ગામના ૩૦ વર્ષના યુવાન રાહુલ જે ઉત્સુકતાથી પ્રભુના વચનો પ્રાપ્ત કરી રહ્યો હતો તેને કેન્સરનું નિદાન થયું છે, ઈશ્વરપિતા તેને સંપર્ણ સાજાપણું આપે એ માટે. જેઓ તેમના જીવનમાં ખ્રિસ્તને હિંમતપૂર્વક સ્વીકારવા અચકાતા હોય તેઓ માટે. યોગેન, પરમથ કથરે અને રાહુલ કથરેને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે અને તેઓ પ્રભુમંદિરમાં નિયમિત આવે એ માટે. તમામ આયોજીત કાર્યક્રમો સારી રીતે આગળ વધે એ માટે.

### પાલ

### મહેન્દ્રન અને પુષ્પમ

**સ્તુતિ :** માનસિક બિમારીને કારણે જંગલમાં ભટકતા અમિતભાઈના કુટુંબના સભ્યને જ્યારે સુવાર્તા આપી અને પ્રાર્થના કરાવી ત્યારે ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું અને હવે આખા પરિવારે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે. ઈશ્વરપિતાએ વીંછીના કરડવાથી રાયશા અને રાથીનો અને સાપના કરડવાથી રામસિંહનો બચાવ કર્યો હતો. રૂપસિંહને પ્રાર્થના દ્વારા કમળામાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા કાલીમાઈને થાપાની પીડામાંથી, બોંગડીને લકવામાંથી, રંગરીભાઈને પગના સોજામાંથી અને મુજીલાભાઈને ટીબીની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. પુથલીમાંને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

### આસામ

### ગોગામુખ અને ધખુવાકના

### ડેનસિંગ આર. અને જાસ્મિન કવિતા આર.

**સ્તુતિ :** કેટલાક લોકોએ પ્રભુ પર તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. નવું એક આરાધના જૂથ શરૂ કરવામાં આવ્યું છે. ફુલેશ્વરને પ્રાર્થના દ્વારા કેન્સરમાંથી સાજાપણું મળ્યું છે. ગીતાંજલિ અને લોકીબાથંગને પ્રાર્થના દ્વારા બિમારીમાંથી સાજાપણું મળ્યું છે. આપણા મિશનરીની પુત્રી લિસા મિરાક્લિન બિમારીમાંથી સ્વસ્થ થઈ રહી છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા જીયાપથીને ટીબીથી, રૂકમનિને કરોડરજ્જુની, પુઈવથી પેગુને નર્વસ ડિસઓર્ડરની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે જેને કારણે તેણી કોઈ પણ કામ કરવા અસમર્થ છે. તમામ વિશ્વાસીઓ પ્રભુમાં વૃદ્ધિ પામે અને પોતાને ખોટા સિદ્ધાંતોથી દૂર રાખે એ માટે. આ સેવા ક્ષેત્રના ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે.

**12**
**AUGUST**
મંગળવાર

Happy Birthday

શ્રીમતી જ્યોતિ મેરી જ્હોન સ્ટીફન

## ગોહપુર

### નાથાન કુમાર બેબર્તા અને નિરુપમા ખોસલા

**સ્તુતિ :** લોકબાઈસુક ગામમાં એક નવું પ્રાર્થના જૂથ શરૂ કરવામાં આવ્યું છે. લગભગ ૮૦૦ લોકોએ પાંચ સ્થળોએ યોજાયેલી રાત્રિ સભા દ્વારા શુભ સમાચાર સાંભળ્યા હતા. ત્રણ સ્થળોએ આયોજીત બાળ શિબિરો દ્વારા ઘણા બાળકોએ શાસ્ત્રના સત્યની જાણકારી મેળવી હતી.

**પ્રાર્થના :** જમાકુરી ગામમાં ચર્ચના બાંધકામનું કાર્ય શરૂ થયું છે. ચર્ચનું બાંધકામ કરવામાં આવે તો આતંકાવદીઓએ તેને તોડી નાખવાની ધમકી આપી છે, તેની સલામતી માટે પ્રાર્થના કરીએ. ઘણા નવા ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે માટે પ્રાર્થના કરીએ. પ્રાર્થના જૂથો શરૂ કરવા, સ્થાનિક કાર્યકરોનો સારો સહકાર મળે અને ચર્ચના વડીલો આત્મિકતાથી મંડળીનું નેતૃત્વ કરે એ માટે.

## બિહાર

## પૂર્વીય ગંગાનો પ્રદેશ (ઈજીઆર)

### બાબુ પુષ્પરાજ ડી અને રશેલ જોઈસ

**સ્તુતિ :** ૨ ગામના લોકો પ્રભુના વચનો સાંભળવા માટે ઉત્સુક છે. રિષિદેવને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળી હતી. ઈશ્વરપિતાએ મિશનરી શીલા પવાર પર કરવામાં આવેલી સર્જરીમાં સાજાપણું આપ્યું હતું. ઈશ્વરપિતાએ કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા અમને સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા બોટોન રિષિદેવને તીવ્ર પીડા આપતા હાથના ગુમડામાંથી સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા નગુ રિષિદેવ અને રાહુલ રિષિદેવને દારૂના વ્યસનમાંથી મુક્તિ આપે એ માટે. આપણા વિશ્વાસીઓએ ગામો માટે કેટલીક યોજના બનાવી હતી તેમાં ઈશ્વરપિતા તેમના સારા પરિણામો આપે એ માટે. વિદ્યાનંદ પાસવાન પસ્તાવો કરે અને પ્રભુનો સ્વીકાર કરે એ માટે કે જે આપણા વિશ્વાસીઓ વિષે ખરાબ વાતો ફેલાવે છે. નવીન કુમારના પિતા તારણ પ્રાપ્ત કરે એ માટે. ઈશ્વરપિતા પ્રતિમાની ૩ વર્ષની પુત્રીને ચેતાતંત્રની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. પિલેયસેન રિષિદેવને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્તિ મળે અને મસાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

**13 AUGUST**

**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

Happy Birthday

શ્રીમતી જ્ઞાનસેકરી જહોન ડેવિડ
શ્રી અસોક નાયક

## ઝારખંડ

### લાલમટિયા

#### અમરેન્થિરન અને ગોવરમ્મા ઈ.

**સ્તુતિ :** ૩ વ્યક્તિઓએ પોતાનું જૂનું જીવન ત્યજીને નવું જીવન અપનાવ્યું હતું. નવા ૩ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઈશ્વરપિતાએ પ્રાર્થના દ્વારા કાજલને માથાના ઘામાંથી સાજાપણું આપ્યું હતું. જ્યારે આપણે ૨ વિશ્વાસીઓને લોહીની જરૂર હતી ત્યારે ઈશ્વરપિતાએ તે યોગ્ય સમયે મેળવવા અને સાજાપણું આપવામાં મદદ કરી હતી.

**પ્રાર્થના :** મહાબટ્ટાન, પિયારામ અને કટકેરે ખાતેના પ્રભુમંદિરો માટે નેતૃત્વ કરવા યોગ્ય ચર્ચ વડીલો પ્રાપ્ત થાય એ માટે. સુરેન્દ્ર તુડુએ ગુમાવેલી દ્રષ્ટિ તેને પુનઃપ્રાપ્ત થાય એ માટે. ઘા ને કારણે કામ કરવા અસમર્થ હાન્ના અને પેટના સોજાને કારણે ખોરાક લેવામાં અસમર્થ મીરા હેમબ્રોમના સાજાપણા માટે. ઈશ્વરપિતા મરુંગમાઈ મુર્મુને આંગળીઓના સડામાંથી સાજાપણું આપે એ માટે.

### નોનિહાટ

#### બેનહર એમ અને મેરીજોન્સી રાની

**સ્તુતિ :** ૨૬ લોકોએ પ્રાર્થના સભામાં ભાગ લીધો હતો અને પોતાને પવિત્ર જીવન જીવવા માટે સમર્પિત કર્યા હતા. સોમી મુર્મુને ક્ષય રોગમાંથી અને બાબુજી મુર્મુને શેતાનનાં બંધનાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. વિશ્વાસીઓ થાણા ચર્ચમાં એકઠા થયા હતા અને ગામલોકોની આત્મિક જાગૃતિ માટે ૨ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના કરી હતી. ઈશ્વરપિતાએ તાલમીના મુર્મુને તેના ઘરમાં શેતાન દ્વારા થતી સમસ્યાઓ દૂર કરવામાં અને શાંતિ પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી.

**પ્રાર્થના :** નીકી કુસ્કુ, સલમા બેસરા અને કુડુનીને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. રસિકલાલ હેન્સ્ટા અને પુથુલાલ સોરેનને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ડુમા મરાંડી અને જગદીશ્વર હન્સ્ટાના પસ્તાવા માટે, જે સુવાર્તાનો વિરોધ કરી રહ્યા છે. બહાદુરપુર ચર્ચના વડીલ બેલ્ટાને મજબૂત બનાવવા માટે જે ઘર તૂટી ગયા પછી દુઃખી છે અને ઘરમાં ચોરી થઈ છે.

**14**
**AUGUST**
**ગુરુવાર**

Happy Birthday

શ્રી ચાર્લ્સ ચેલાકુમાર
શ્રી ધ્રુબરાજ બેબર્તા
શ્રીમતી સોફિયા ડેનિયલ રાજમની

### માન્ડ્રો / ભગાયા હોસ્ટેલ

### હિજામ કેનેડી સિંહ અને હોજામ લિન્થોઈબી, સુધાહરન (નિ.) અને ફ્લોરેન્સ

**સ્તુતિ :** પ્રાર્થનાસભામાં ભાગ લેનારા ૫ લોકોએ પોતાનું પાપી જીવન ત્યજી પવિત્ર જીવન જીવવાનું નક્કી કર્યું હતું. આયોજીત વીબીએસમાં ઘણા બાળકોએ ભાગ લીધો હતો અને પ્રભુના વચનો શીખ્યા હતા. આત્માઓ જીતવાની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેનાથી વડીલોને ફાયદો થયો હતો. ડેવિડ મરાંડીની ખોવાયેલી ભેંસ પ્રાર્થના બાદ ઘરે પરત ફરી હતી. બનીપુર અને ઈંડઝોલા વિસ્તારોમાં નવી આરાધના સંગતો શરૂ કરવામાં આવી છે.

**પ્રાર્થના :** સંજકાલીના પરિવારના સભ્યોના દિલાસા માટે જેનું કેન્સરથી અવસાન થયું હતું. લકવામાંથી મરંગમરી મુર્મુને અને ટેરેસા હંસદાકના સાજાપણા માટે. સિમરા, પોરટાલા અને ટિયારા ગામોમાં ચર્ચના નિર્માણ અને જમીન મેળવવા પંચાયતો સાથેની સરળ કાનૂની કાર્યવાહી માટે. વિશ્વાસીઓના વિશ્વાસમાં વૃદ્ધિ થાય એ માટે.

### સુંદરપહાડી

### શિવશંકર અને કાંતિદેવી

**સ્તુતિ :** પાંડારીયા ગામમાં પ્રભુના મહિમાને અર્થે પ્રભુમંદિરનું અર્પણ કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ ૮ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા માટે મદદ કરી હતી. કુસુમ્બા ગામમાં વીજળી પડ્યા બાદ બેભાન થયેલા સુરેશ મદૈયાને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** બહાદર ગામના નવા વિશ્વાસી બાર્કા તુડુના પરિવાર માટે જે તેમના પુત્રના મૃત્યુને કારણે દુ:ખી છે. તામરુ વિસ્તારમાં સુવાર્તાના ઝડપી ફેલાવા માટે. મેલેરિયાથી પીડીત સેમ હેમના ઝડપી સાજાપણા માટે અને ક્ષેત્રના ઘણા લોકોને કિડનીની બિમારીમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે.

### અશુદ્ધ આત્માઓ દૂર થયા

ઝારખંડના દુમકા જીલ્લાના નોનિહાટ ગામના રહેવાસી તાલમીયા મુર્મુના પરિવારને અશુદ્ધ આત્માઓ રોજ રાત્રે ભયાનક અવાજો કરીને ત્રાસ આપતા હતા. તેનાથી છૂટકારો મેળવવા માટે તેઓએ વિવિધ પ્રયત્નો કર્યા હતા છતાં કોઈ ફરક પડ્યો ન હતો. અંતે, તેઓએ આપણા મિશનરીઓને તેમના ઘરે પ્રાર્થના કરવા આમંત્રણ આપ્યું હતું. તેઓએ સુવાર્તા પ્રગટ કરી અને પરિવાર સાથે પ્રાર્થના કરી. તે રાતથી શેતાની ખલેલ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ અને આખા પરિવારે ખ્રિસ્ત માટે જીવન સમર્પિત કર્યું. ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

15
AUGUST
શુક્રવાર

Happy Birthday

શ્રીમતી હેઝીબા આલ્બર્ટ
શ્રીમતી ઝાંસી રોબિન્સન
શ્રીમતી મેગદાલીન ગ્રેસ આઈઝેક
શ્રીમતી દુલાન્તી રેઆંગ નબા સિંહ

## ટેલો

### અરુલાનંદમ વેંકટેસન એમ અને લિસા

**સ્તુતિ :** ૩૩ લોકોએ આત્મિક જાગૃતિની બેઠકમાં ભાગ લીધો હતો, અને પ્રભુ માટે નવું જીવન જીવવાનું નક્કી કર્યું હતું. વિવિધ વિસ્તારોમાં યોજાયેલી સુવાર્તા પ્રચારની મીટીંગોમાં લગભગ ૧૨૦૦ લોકોને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૬ ચર્ચના વિશ્વાસીઓ દ્વારા, ઈશ્વરપિતાએ વિશ્વાસીઓના સંબંધીઓને સુવાર્તા આપવા માટે ૧૯ ગામોની મુલાકાત લેવાનું શક્ય બનાવ્યું હતું. ડીટ્ટી ગામમાં પ્રભુના મહિમાને અર્થે ચર્ચનું સમર્પણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** આવો આપણે ડિક્રોટોલા, પરપોંગામા, ચોટપોંગમા, પરડોર, કિટાઈજોર અને તારાપુરના ગામોમાં પ્રાર્થના જૂથોની જુથોની તાત્કાલિક સ્થાપના માટે પ્રાર્થના કરીએ, જેઓ સુવાર્તા માટે ઉત્સુક છે. ચર્ચના વડીલો અને સ્થાનિક સુવાર્તિકોના પરિવારો માટે, તેમના સેવાકાર્યો સારી રીતે ચલાવે એ માટે પ્રાર્થના કરીએ. કાળા જાદુના કેન્દ્રો માટે જે વિશ્વાસીઓને મૂંઝવણમાં મૂકે છે અને અન્યોને ખ્રિસ્તમાં આવવા અટકાવે છે.

## ધલભૂમગઢ

### વાઘેરા પ્રમોદકુમાર અને રાઉત જશોદાબેન

**સ્તુતિ :** લારકાબસા ગામમાં ઈશ્વરપિતાએ વિશ્વાસીઓ બલાઈ સોરેન અને સુરાઈ સોરેનનો હાથીના હુમલાથી બચાવ કર્યો હતો. ઈશ્વરપિતાએ વિજાઈ મુર્મુને પગના સોજામાંથઈ અને નરેન મુર્મુને હતાશામાંથી મુક્તિ આપી હતી. પ્રાર્થનાના જવાબરૂપે ઈશ્વરપિતાએ હોસ્ટેલ માટે સમર્પિત વોર્ડન પૂરા પાડ્યા હતા.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા સેમ માર્ડીને વાઈથી, જીથન હંસદાને પેટન દુખાવાથી અને સોહ માર્ડીને શ્વાસની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા આ ચોમાસા દરમિયાન અને તે પછીના મોસમી રોગોથી આપણા વિશ્વાસીઓ અને છાત્રાલયના બાળકોનું રક્ષણ કરે એ માટે. છાત્રાલય માટે સારા રસોઈયા મળે એ માટે.

## ઈશ્વર માટે ઉત્સાહ

પંજાબના અહમદગઢ મંડી ક્ષેત્રની વિશ્વાસી વિમલા તેના બાળકો સાથે ઉનાળાના વેકેશન દરમિયાન ઉત્તર પ્રદેશના જોનપુર જીલ્લાના તેમના વતનમાં ગયા હતા. રવિવારે જ્યારે તેણીએ ચર્ચમાં જવાની તૈયારી કરી, ત્યારે તેણી એ જાણીને દુ:ખી થઈ ગઈ કે આ વિસ્તારના તમામ ચર્ચો બંધ છે. આત્માઓ માટે ખૂબ બોજા અને પ્રાર્થના સાથે તેણીએ પાંચ પરિવારોને સુવાર્તા પ્રગટ કરી અને એક નાનું પ્રાર્થના જૂથ બનાવ્યું. તેઓ પ્રાર્થના માટે દરરોજ એકઠા થવા લાગ્યા. આવો આપણે તેના હૃદયમાં મૂકાયેલા આત્મિક ઉત્સાહ અને બોજ માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ.

**16**
**AUGUST**
**શનિવાર**

Happy Birthday
શ્રીમતી મેરી સેબેસ્ટાઈન

## પશ્ચિમ બંગાળ

### ઈટાહાર

**અસ્તાબન આદિત્ય કુમાર અને માનીની બેબર્તા**

**સ્તુતિ :** સાત લોકોએ પ્રાર્થનામાં ભાગ લીધો હતો અને પોતાનું પાપી જીવન ત્યજી દીધું હતું. પ્રભુકત ગામમાં આયોજીત વડીલોની તાલીમ શિબીરમાં દસ લોકોએ ભાગ લીધો હતો અને તેનો આત્મિક લાભ મળ્યો હતો. ઈશ્વરપિતાએ જીસસ ફિલ્મને સાત સ્થળોએ દર્શાવવામાં મદદ કરી હતી. લગ્નના સાત વર્ષ પછી, ઈશ્વર સોનાલી બાસ્કી પરિવારને એક સુંદર બાળકનો આશીર્વાદ આપ્યો હતો

**પ્રાર્થના :** ૧૮ ગામોમાં સેવાકાર્યના વિકાસ અને પડોશી ગામોમાં સેવાકાર્યના વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ. કોંકન કિસ્કુને શરીરના સોજા અને કબીરાજ સોરેનને ક્ષયરોગમાંથી અને સીંજી સોરેન અને ગૌરવ હેમને શરીરની ખંજવાળમાંથી સાજાપણા માટે પ્રાર્થના કરીએ.

### મલારપુર

**ઉપદેશકુમાર અને શ્વેતા વર્મા**

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ મલ્લારપુરમાં એક સારુ ઘર શોધવામાં મિશનરીઓની મદદ કરી હતી. માનસિક બિમારીથી પીડીત જોસેફ અને શૈલેશ માટે વિશ્વાસીઓએ પ્રાર્થના કરાવી ત્યારે ઈશ્વરપિતાએ તેઓને સાજાપણું આપ્યું હતું. ૧૮ ગામોમાં સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો હતો અને ૧૬૦ લોકોને સુવાર્તિક પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** કાર્યકર ઉપેશ કુમાર શરીરમાં ફોલ્લીઓથી પીડીત છે અને ખંજવાળ આવે છે, તેમના સાજાપણા માટે. ચાંદની વિસ્તારમાં ઈશ્વરપિતા આરાધના જૂથ શરૂ કરવાના પ્રયત્નોને આશીર્વાદ આપે એ માટે. મલ્લાપુર વિસ્તારોમાં ઘણી નવી જગ્યાઓ પર સભાઓ શરૂ થાય અને સેવાકાર્ય વૃદ્ધિ પામે એ માટે.

## ઝેરને નષ્ટ કરવામાં આવ્યું

મહારાષ્ટ્રના પેન્ટ ક્ષેત્રના કમાટપાડા ગામના વિશ્વાસી બંદુભાઈ એક દિવસ તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે એક ઝેરી સાપ તેમને કરડ્યો હતો. આઘાત અને પીડા હોવા છતાં, તેણે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી, ઘાને કપડાના ટુકડાથી બાંધી દીધો અને ઘરે પાછો ગયો. તેના પરિવારે તેને પ્રાથમિક સારવાર આપી, તેને તેલથી અભિષેક કરી, અને તેના પર પ્રાર્થના કરી. ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે દખલ કરી અને સાપના ઝેરની તેના શરીર પર કોઈ અસર ન થઈ. હવે તે હિંમતપૂર્વક અન્ય લોકોને તેના જીવનમાં જે ચમત્કાર થયો તે વિષે સાક્ષી આપે છે. હાલેલુયાહ.

**17 AUGUST**
**રવિવાર**

Happy Birthday
શ્રીમતી નેગી થિયાનચિન્ગ જંગખોલુન

### જમ્બાની

### એફ્રાઈમ મલ્લી અને પ્રોસોન્સિતા મલ્લી

**સ્તુતિ :** કેટલાક ગામોમાં સુવાર્તા પ્રચાર કરવા માટે ઈશ્વરપિતાએ દરવાજા ખોલ્યા હતા. સિંગા લોકજૂથના ૩ પરિવારોએ પ્રભુનો સ્વીકાર કર્યો છે. સમર્પિત સ્વયંસેવક ધર્મેન્દ્ર સોરેન સેવાકાર્યમાં મદદ કરે છે. સતત વરસાદ દરમિયાન પણ કોઈ સેવાકાર્યમાં વિક્ષેપ પડ્યો ન હતો.

**પ્રાર્થના :** રતનચંદ્ર પ્રભુ ઈસુનો સ્વીકાર કરે એ માટે. મલાથી મુર્મુ, બોબી મુરમુ, સોના હંસદા પરિવાર, કાલિબથ સોરેન, દાસા સોરેન, પાવેલપત્તી સોરેન, બિજોય કૃષ્ણ પરિવાર, ગોવરમ્મા સોરેન, પલ્મોની મુરમુ, પોન્મોની સોરેન, જોકેમાસી કાલિપા બાસ્કી, રોબિન બાસ્કી અને અંજલીના પતિ પ્રભુનો સ્વીકારકરે એ માટે. થુલિબથની લીલીમાં સિંગા અંધ છે અને તે સુવાર્તામાં રસ બતાવે છે, તેણીને તેની દ્રષ્ટિ પુનઃપ્રાપ્ત થાય એ માટે.

### હલ્દીબાડી / ગેઝોલ

### અનિલ કુમાર બિશોયી અને એલિસ

**સ્તુતિ :** ચોમાસા દરમિયાન પણ ઈશ્વર આપણા મિશનરીઓ જે સેવાકાર્ય કરે છે તે તમામને તે સુરક્ષા પ્રદાન કરે છે. નવા ૩ ગામોમાં સુવાર્તા આપવા માટે ઈશ્વરપિતાએ દરવાજા ખુલ્લા આપ્યા હતા. ૫ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું અને ઘણા લોકોને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** સોનાપુર, કંદાપરીયા, ફતેહપુર, પેંગાલપટ્ટી, હરિરામપુર અને પમુહા ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. રાજવંશી લોકજૂથમાં આત્મિક જાગૃતિ આવે એ માટે. જેઓ વિશ્વાસીઓનો આરાધના સંગતોમાં ભાગ લેવાનો વિરોધ કરે છે તેઓ પસ્તાવો કરે તેમને ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ઈશ્વરપિતાને પ્રતિમાના સાડાત્રણ વર્ષના બાળકને સાજાપણું આપે અને તે ચાલવા માટે સમર્થ બને એ માટે. ઈશ્વરપિતા પ્રદીપ દીપશર્માને લિવરના સોજામાંથી અને મુગુલ સરકારને લકવામાંથી સાજાપણું આપે એ માટે. મિશનરીના મોટાભાઈ પથારીવશ છે તેમના સાજાપણા માટે.

### ખોવાયેલી ગાય પાછી મળી

ઓડિશાના રિમુલીના કોંગોના ગામના સુગુરમની મુંડા એક સાંજે તેમના ઘરે પરત ફર્યા ત્યારે તેમણે જાણ્યું કે તેમની ગાય ખોવાઈ ગઈ હતી. તેમણે આખી રાત તેની શોધ કરી પણ તે મળી નહિ. સૂતા પહેલા. તેણે તેની ગાયને પરત ફરે એ માટે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી. તે રાત્રે, તેણે એક સ્વપ્ન જોયું જેમાં તેણે ગાયને ગામના પાદરે ફણસના વૃક્ષ નીચે ઉભેલી જોઈ. બીજા દિવસે સવારે, તે તે સ્થળે ગયો અને તેની ગાય તેણે સ્વપ્નમાં જોયેલી જગ્યાએ જ ઊભેલી મળી. તેણે આનંદપૂર્વક પ્રભુની સ્તુતિ કરી. હાલેલુયા.

**18 AUGUST**
**સોમવાર**

## Happy Birthday

શ્રીમતી ગીતા કેનેથ
શ્રીમતી મેલ્બિન રેગિની સુંદર
શ્રી અખિલેશ કુમાર
શ્રીમતી મેરી નેંગનીકિમ ખોંગસાઈ

### છત્તીસગઢ

#### વાડ્રાફ નગર

### બૂપથી પી. અને પૌલિન મેરી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ૭ વ્યક્તિઓને દારૂના વ્યસન અને કુટેવોમાંથી મુક્તિ આપી હતી. ઈશ્વરપિતાએ મિશનરીની પત્નીનો સેવાકાર્યમાંથી પાછા ફરતી વખતે ઓટો રીક્ષાના અકસ્માતમાંથી બચાવ કર્યો હતો. થોડાક ગામોમાં સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો હતો અને બાળકો માટે ૧૩ સ્થળોએ બાઈબલ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** જેઓ નિકીતાનો તેણીના વિશ્વાસ માટે વિરોધ કરે છે તેમના પસ્તાવા માટે. ઈશ્વરપિતા રોશ્ની અને પાંઝકનને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરે એ માટે. આયોજીત કાર્યક્રમો કોઈપણ વિક્ષેપ વિના આયોજીત થાય અને ફળદાયી બને એ માટે.

#### ઘરઘોડા

### કિંગ્સલી ઈસાક જહોન્સન એમ. અને મીના

**સ્તુતિ :** એક દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના ૩ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થનાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આરાધના સંગતો કોઈપણ અવરોધ વિના હાથ ધરવામાં આવી હતી. ૫ સુવાર્તા પ્રચારના સેવાકાર્યો અને ૧૫ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. એક દિવસીય બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩ વર્ષીય યાબેઝને ગંભીર મરડાની બિમારીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. સુગુના રતિયાને બિમારીમાંથી દૈવીય સાજાપણું મળ્યું હતું તે પછીથી તેણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને જાહેરમાં વિશ્વાસની કબૂલાત કરી હતી.

**પ્રાર્થના :** રતિયા લોકજૂથના ઘણા લોકો સુવાર્તાનો પ્રતિસાદ આપે અને વિશ્વાસીઓ સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. કમનાર તાલુકામાં સુવાર્તા વિરુદ્ધની અડચણો બંધ થાય અને હાલમાં પરવાનગી નથી તેવા ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. રૂકમની, બાબુલાલ અને તેમના પુત્રને દૈવીય સાજાપણું પ્રાપ્ત થાય અને ખ્રિસ્ત ઈસુના તારણસાધક વિશ્વાસ તરફ દોરવાય એ માટે. કાલાબની ગામમાં ચર્ચના બાંધકામ માટે યોગ્ય જમીન મળે એ માટે. કેદામા ગામના સટકુવર સિતાર ચાલવામાં અસમર્થ છે તેના સાજાપણા માટે.

**19**
**AUGUST**
**મંગળવાર**

Happy Birthday

શ્રીમતી કુમારી સુસામાં હરમોહન
શ્રીમતી સુષ્મિકા સમરેન્દ્રસિંહ

### ચમ્પા

## વિનોદકુમાર સિંહ અને પ્રવાતિમની

**સ્તુતિ :** લગભગ ૫૦૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. ૮ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. સુવાર્તાને ટનૌદ, નેવારી, જેબ્રા, ડોંગા કોરોદ, વેસ્ટારા અને મેરવ કોલોનીના નવા ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. આપણા વિશ્વાસીઓના વિશ્વાસની વૃદ્ધિ માટે પામઘરમાં એક મહિલા શિબિર અને કૌટુંબિક રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. અકલાટારા ગામના અમરાનને બ્લડ કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે.

**પ્રાર્થના :** છેલ્લા ૬ વર્ષથી સંધિવાથી પીડાતા મદાલશાના સાજાપણા માટે. શરીરના ગંભીર દુખાવાથી કંચના અને કિડનીની બિમારીમાંથી જાગૃતિના સાજાપણા માટે. સેવાકાર્યના વિસ્તરણ માટે શિવરી નારાયણમાં નવા પેટા કેન્દ્ર ખોલવા માટે. બેંગ્લોરમાં વ્યાવસાયિક શિક્ષણ મેળવનારા મિશનરીના બાળકોને સારી નોકરી મળે એ માટે.

### હાટી

## દિનેશકુમાર અને નીતુ

**સ્તુતિ :** ૮૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ગિયરરી ગામમાં નવા પરિવારો ચર્ચમાં જોડાયા હતા. કર્તલામાં ૩ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા દેશમાં સારો વરસાદ વરસે એ માટે. ઈશ્વરપિતા આપણા પ્રદેશમાં ઉનાળાની ઋતુમાં ડાંગરની સારી ફસલ પૂરી પાડે એ માટે. આપણા ત્રણ વિશ્વાસી પરિવારોને પીએમ આવાસ યોજના દ્વારા ફાયદો થયો હતો. રતિયા લોકજૂથના નવા પરિવારે ચર્ચમાં આવાવનું શરૂ કર્યું છે.

**પ્રાર્થના :** સરતી ગામમાં નવા સંપર્ક જમ્પલીના પતિ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. જગશ અને તેના ભાઈ પ્રદીપ ખ્રિસ્તનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કરે એ માટે. પાળકો તરીકે સેવા આપવા માટે બે પરિવારોની જરૂરિયાત માટે. સમરકાના ખાતેના ચર્ચમાં નવા આવનાર ૨ પરિવારો વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. જોગડા ગામમાંથી દરસનસિંહ રતિ અને ગિરેરી ગામના પારસ રેટ્ટી પ્રભુ ઈસુખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે.

**20**
**AUGUST**
બુધવાર

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

## Happy Birthday

શ્રી ઈઝરાઈલ ડેન્યિલ પી.
શ્રી ઈમેન્યુઅલ મુર્મુ
શ્રીમતી નીરુબેન સોમાભાઈ

### પાથલગાંવ

**પાડવી સોમાલીયા મનુસભાઈ અને મહાલા શીલાબેન**

**સ્તુતિ :** વિશ્વાસીઓના એક દિવસીય મેળા દરમિયાન ૧૮ લોકોએ પવિત્ર જીવન માટે પોતાને સમર્પિત કર્યા હતા. ટાટકાઉ ગામમાં નવી પ્રાર્થના મીટીંગ શરૂ કરવામાં આવી હતી. જ્યારે આરાધના માટે સ્થાનના અભાવની તકલીફ શરૂ થઈ ત્યારે ભટિયા ગામના નરવીન ખજુરે પોતાનું ઘર આપ્યું. ચમારકરા અને ટિંદુપાવા ગામોમાં ઘણા સાથે ભજન મીટીંગો દ્વારા સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે.

**પ્રાર્થના :** હરજીત સિંહના કેન્સરની બિમારીમાંથી સાજાપણા માટે. ચકલસાઈ રતિયા અને જયપ્રકાશને લકવામાંથી સાજાપણા માટે. સુકરામ અને દુકાકાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. વિશ્વાસીઓ રવિવારની સંગતમાં નિયમિતપણે ભાગ લે એ માટે.

### ઓડિશા

### અંગુલ

**શંકર પી. અને જેલિન ટી.**

**સ્તુતિ :** આપણા વિશ્વાસી અનંત તુડુના બંને પુત્રોએ ઈશ્વર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે અને બાઈબલ કોલેજમાં ગયા છે. ઈશ્વરપિતાએ ડનુસેનને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ આપી હતી. પ્રભુના મહિમા અર્થે આપણા વિશ્વાસીઓના બાળકોના લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક ગામોમાં લોકોએ આતુરતાથી સુવાર્તા સાંભળી હતી.

**પ્રાર્થના :** જેથમાથપુર ચર્ચની સમર્પણ વિધિ શાંતિપૂર્ણ રીતે હાથ ધરવામાં આવે એ માટે. હો લોકજૂથમાંથી બાળલગ્નની પ્રથા નાબૂદ થાય એ માટે. વિશ્વાસીઓમાંથી જ તેમના સંબંધીઓને સુવાર્તા જણાવવા માટે આગેવાનો ઊભા થાય એ માટે. વધુ ગામોમાં સુવાર્તા પહોંચે અને તેઓ સુવાર્તા પ્રત્યે સકારાત્મક પ્રતિક્રિયા આપે એ માટે.

**21 AUGUST**

**ગુરુવાર**

Happy Birthday

શ્રીમતી એમી અનંત ઈલિયા

### ધેનકનલ

### અશોક નાઈક અને સુરભી બીરો

**સ્તુતિ :** પથારીવશ સિમ્પેરૈયાને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાએ બીરસિંગ પુર્તિને અને ડુનુસાઈમિયાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ આપી હતી. ચર્ચના વડીલોની તાલીમ સારી રીતે ચાલી રહી છે.

**પ્રાર્થના :** નવા વિશ્વાસીઓ પ્રભુના વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. રહમા, સેરમહસાહી અને રંગીપાલને ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ગોંડિયા ગામના લોકો આપણા વિશ્વાસીઓને ખ્રિસ્તને સ્વીકારવાની ધમકી આપે છે, તેઓના પસ્તાવા માટે અને વિશ્વાસીઓ પ્રભુમાં દ્રઢ રહે એ માટે. સંથુરી પુર્થને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### ગુજરાત

### સેલમ્બા

### યુવનેશ અને ઝાંસી રાની

**સ્તુતિ :** જ્યારે કુકરમુંડા ગામના લોકોએ આપણા મિશનરીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. બાળક માટે પ્રાર્થના કરતી શ્રીમિલાને બાળકીનો આશીર્વાદ મળ્યો હતો. એશ્વરભાઈને કિડનીની પથરીથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સોનવાલ ગામમાં ટૂંક સમયમાં આરાધના જૂથ શરૂ થાય એ માટે, જે સુવાર્તામાં ખૂબ રસ દર્શાવે છે. આ ચોમાસામાં પૂરતા વરસાદ માટે. તમામ તાલીમી કાર્યક્રમો સારી રીતે આયોજીત થાય એ માટે. કુકરમુંડા, રૈઘાટ અને પુલવાડી ગામોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલે એ માટે.

### ખેરગામ

### કુમારન જી અને જેલિનજયા પ્રથા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને વેકેશન દરમિયાન છાત્રાલયનું નવીનીકરણ કરવા અમને સક્ષમ બનાવ્યા હતા. ૩૦ નવા બાળકોને અભ્યાસ કરવા માટે આ વર્ષે છાત્રાલયમાં જોડાવાની તક મળી હતી. મુંબઈની ટીમે આપણા બાળકોને ધર્મનિર્પેક્ષ અને આત્મિક જ્ઞાન આપ્યું હતું. ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રવેશવા સક્ષમ બન્યા હતા.

**પ્રાર્થના :** છાત્રાલયમાં નવા જોડાનાર બાળકો સારી રીતે ગોઠવાય અને પ્રફુલ્લિત રહે એ માટે. હોસ્ટેલ માટે સારા રસોઈયા અને સમર્પિત વોર્ડન માટે. બાળકો સ્કેબીઝ, તાવ અને અન્ય માંદગી જેવા મોસમી ચેપથી સુરક્ષિત રહે એ માટે. આ છાત્રાલયના તમામ બાળકો આત્મિક રીતે અને તમામ જ્ઞાન તથા ડહાપણ સાથે વૃદ્ધિ પામે એ માટે.

**22**
**AUGUST**
**શુક્રવાર**

### કપરાડા

## બિદુશ કુમાર અને પ્રીતીબાળા

**સ્તુતિ :** પેટલી અને સવરપાડા ગામમાં નાટ્ય કાર્યક્રમ દ્વારા સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો હતો. વાડી ગામમાં વિશ્વાસીઓના જૂથમાં ૨૭ વ્યક્તિઓ ઉમેરવામાં આવ્યા હતા. મધુલના ગામના શેતાની હુમલાને કારણે પોતાને નુકસાન પહોંચાડનાર રાધભાઈને ચમત્કારિક મુક્તિ મળી હતી. ત્રિમ્બાકભાઈના માથા પર એક ઝાડની ડાળી પડવાથી થયેલી ઈજામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. ડિકસલ ગામના પ્રવીણનું સાપના હુમલાથી રક્ષણ કરવામાં આવ્યું હતું. નચાનખડક ગામના રિતેશને હાર્ટ એટેકના હુમલામાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈટદાર ચર્ચના એલિશબેનને શ્વાસની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ઘોટન ગામના ગોયબેનને નર્વસની બિમારીમાંથી, મિડહુલના ગામના સીતારામ અને લકરાપથી ગામના ગંગાભાઈને બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. દિવ્યાંગ મોતીરામના સારા ભવિષ્ય માટે. વિહીરીપાડા ગામના નિસંતાન પિન્કિબેનને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. વડોલી ગામના લક્ષ્મીબાઈને અકસ્માતમાં તેમના એકમાત્ર પુત્રની ખોટ બાદ દુ:ખમાંથી બહાર આવવા દૈવીય દિલાસો મળે એ માટે. આગામી બે સ્થળોએ આયોજીત યુવા બેઠકો માટે.

### ચોરમ્ભા / કડોદ

## પુષ્પરાજ આર. અને જ્યોતિ નિર્મલા

**સ્તુતિ :** કારેલી ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૧૦૬ લોકોએ તે સાંભળી હતી. પાલ્સડ ગામમાં ૬૨ બિન-વિશ્વાસીઓ સહિત બાળકોએ વીબીએસમાં ભાગ લીધો હતો. બરસાડી ગામના સોનાબેન સુવર્તાનો જવાબ આપી રહ્યા છે અને અમને તેમના માટે પ્રાર્થના કરવા આમંત્રણ આપ્યું છે. ૧૦ મા ધોરણની વિદ્યાર્થીની આર્બનને કેન્સરમાંથી સાજાપણું મળી રહ્યું છે અને ફરીથી શાળામાં ભણી રહી છે.ઉમરખ અને બારડોલી ગામોમાં રાત્રિ સભાઓ યોજવામાં આવી હતી.

**પ્રાર્થના :** લલ્મોહર, ફુલકુમાર,સુધીર કુમાર અને પ્રદીપ કુમાર ચર્ચની સંગતોમાં નિયમિતપણે હાજરી આપે અને તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. બારડોલી ચર્ચમાં ભાગ લેનારા ચાર સ્થળાંતર કામદારો ખ્રિસ્ત ઈસુને તેમના અંત તારનાર તરીકે સ્વીકારે એ માટે. કરીલી ગામના કેશવને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. મેહુલભાઈ દારૂનું વ્યસન ત્યજી દે એ માટે. ૯ માં ધોરણમાં ભણતી વિદ્યાર્થીની સાસ્મિતા કુમારીને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

**23 AUGUST**
**શનિવાર**

## Happy Birthday

શ્રી રામમુની જે.બી.વી. પ્રસાદ
શ્રી વેંકટેશ વડદાર
શ્રી આશિષ કુમાર
શ્રીમતી સુભાસિની મુર્મુ સ્ટીફન

### આહવા

### વિઝ્નેશ્વર એન અને એન્જેલિન એમ

**સ્તુતિ :** ૬ વ્યક્તિઓએ ખ્રિસ્ત ઈસુ પર તેમના વિશ્વાસની જાહેરમાં કબૂલાત કરી હતી. ઘણા વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. સનથા ગામના કુમવંતિસને ગાંઠની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. સોમેલ અને રોઝીને ઘણા વર્ષોની રાહ જોયા બાદ બાળકનો આશીર્વાદ મળ્યો હતો. લહાન ગામના સંતોષને એપેન્ડિસાઈટિસની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. રેમિલાબેન વરસાદ અને તોફાનમાં ફસાઈ ગઈ હતી ત્યારે ઈશ્વરપિતાની કૃપાથી ગામમાં સલામત રીતે પહોંચી હતી.

**પ્રાર્થના :** કોશીયા ગામના કાલુ અને લતાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ચિકિનાગોવડા ગામના મોતીરામ અને શાંતિલાલને બિમારીમાંથી સાજાપણું મળે એ મટો. વૈદવન ગામની ૪ વર્ષીય જોસ્નાને સાજાપણું મળે અને ચાલવામાં સક્ષમ બને એ માટે. તકલીપાડા ગામની દીપીકાએ ૫ મહિને અકાળે બાળકને જન્મ આપ્યો છે. પ્રાર્થના કરો કે બાળકને સારી રીતે પોષણ મળે. સવિતાને પેટની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. પોલીસની કડક કાર્યવાહીને કારણે અમે આહવા ક્ષેત્રમાં કોઈપણ મીટીંગ યોજવા અસમર્થ છીએ. સુવાર્તા પ્રચાર માટે ઈશ્વરપિતા દરવાજા ખોલે એ માટે.

### કવાંટ

### અખિલેશકુમાર અને કિરન દેવી

**સ્તુતિ :** મુડાભરી ગામમાં ૨૦ વ્યક્તિઓએ વિશ્વાસની જાહેર કબૂલાતના કાર્યક્રમમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. આપણા સીડીસીના બાળકો માટે ત્રણ દિવસીય આત્મિક રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૬૦ બાળકોએ ભાગ લીધો હતો અને પ્રભુના વચનોનો આશીર્વાદ મેળવ્યો હતો. તારસ્વા અને કાનજીપાની ગામોમાં આયોજીત બે વીબીએસ કાર્યક્રમોમાં ઘણા અન્યવિશ્વાસી બાળકોએ ભાગ લીધો હતો અને ઈશ્વરના વચનો સાંભળ્યા હતા. જમનીયા ચર્ચમાં બે દિવસીય સુવાર્તિક તાલીમ, યુવા તાલીમ અને સન્ડે સ્કૂલના શિક્ષકોની તાલીમ આપવામાં આવી હતી. સુનિતાબેનને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** અલકા ગામના જીકાબેનને પેટના તીવ્ર દુખાવામાંથી સાજાપણું મળે એ માટે. મુકુદામ્બા ગામના મંજુબાઈને મોંના કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. સિંકી ગામના અશ્વિનભાઈ તાડવીને છેલ્લા ૩ વર્ષથી અશુદ્ધ આત્માનો ત્રાસ આપે છે અને કાળા જાદુ અને પ્રાણીના બલિદાનથી તેમને કંઈ ફાયદો થયો નથી, ઈશ્વરપિતા તેમને મુક્તિ આપે એ માટે. વિવિધ ગામોમાં આયોજીત વિશ્વાસ કબૂલાતના આગામી કાર્યક્રમોની સફળતા માટે.

24
AUGUST
રવિવાર

### મોસડા

## પોલરાજ આર અને કોઈલ પુષ્પમ

**સ્તુતિ :** ત્રણ સ્થળે આયોજીત વીબીએસમાં ઘણા બાળકોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યો હતો. કિડનીની બિમારીમાંથી જયદીપને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. મોહનભાઈને જ્યારે ટુ-વ્હીલર પર અકસ્માત નડ્યો હતો ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. લાંબા સમયથી તાવથી પીડાતા યોહાન અને દીલીપને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** આરાધના સંગતમાં નવી આવનાર કલ્પનાના ગળાની ગાંઠમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. જયંતિભાઈના લકવાગ્રસ્ત હાથને સાજાપણું મળે એ માટે. દિનેશભાઈના પરિવારમાં પતિ-પત્ની વચ્ચેની લડાઈમાં શાંતિ સ્થાપવા માટે. સોલિયાના ગામમાં માનસિક બિમારીથી પીડીત રમેશભાઈના સાજાપણા માટે. અનિતા અને જેટીયાભાઈના પરિવારને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

### બોડેલી / ડભોઈ

## યેશુ બાબુ અને ઉષા એસ

**સ્તુતિ :** કુંદનપુર ગામમાં મહિલા પ્રાર્થના જૂથ શરૂ કરવામાં આવ્યું છે. ઘણા લોકોએ સેવા ક્ષેત્રના નાના બાળકો માટે યોજાયેલ શિબિરમાં હાજરી આપી હતી અને બાઈબલ વાંચન અને પ્રાર્થના કરવાનું શીખ્યા હતા. શરીરમાં નબળાઈ ધરાવતા હંસાબેન મહિલા મીટીંગમાં આવ્યા હતા, પ્રાર્થના કરાવ્યા બાદ તેમને સાજાપણું મળ્યું હતું. વેરાકી અને કુંદન ગામોમાં ચર્ચના વડીલો માટે તાલીમ અને પ્રાર્થના બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** કરવાન ગામમાં આયોજીત રાત્રિ સભામાં પ્રભુના વચનોએ હાજર લોકોના હૃદયોને સ્પર્શ્યા હતા. આપણી એક વિશ્વાસીને તેના ગર્ભાશયને દૂર કરવાને કારણે થાય અને નબળાઈમાંથી સાજાપણું મળે એ માટે. મુક્કિબેનને અશુદ્ધ આત્માઓના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. આપણા વિશ્વાસીઓ આ વરસાદની ઋતુમાં ખેતરોમાં કાર્ય કરી રહ્યા છે તેમને ફસલની સારી ઉપજ થાય એ માટે.

## 25 AUGUST
**સોમવાર**

### ઉમરગામ

### અસીર મૂસા અને અમ્રિતા ગોલ્ડા

**સ્તુતિ :** ઘણા નવા કરાર અને સુવાર્તિક પત્રિકાઓનું વિતરણ કરવામાં ઈશ્વરપિતાએ અમારી સહાય કરી હતી. ચાર ગામોમાં આયોજીત વીબીએસમાં અન્ય ધર્મીય બાળકોએ ભાગ લીધો હતો અને ખ્રિસ્તના ન્યાયીપણાના ઉપદેશો વિષે શીખ્યા હતા. લલિતાબેનને પ્રાર્થના દ્વારા થાઈરોઈડ ગ્રંથિના સોજામાંથી સાજાપણું મળ્યું હતું. ૧૩ વ્યક્તિઓએ ખ્રિસ્તને અનુસરવાનું અને તેમના માટે જીવન જીવવાનું નક્કીકર્યું છે.

**પ્રાર્થના :** રાંધા છાત્રાલયમાં છઠ્ઠા ધોરણના એલેક્સ વિનોદને માનસિક બિમારીમાંથી સાજાપણા માટે. અકસ્માતમાં ઘાયલ દીપકભાઈના સાજાપણા માટે. ગૌતમ-વંદનાને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. છાત્રાલયમાં અભ્યાસ કરતા વિશ્વાસી બાળકો આત્મિક અને દુન્યવી જ્ઞાનમાં વૃદ્ધિ પામે એ માટે. છાત્રાલયમાં રસોઈયા અને કેરટેકર માટે પ્રાર્થના કરીએ.

### દાદરા નગર

### સિલ્વાસા

### ડેવિડસન રાજાસિંહ અને કાનમની

**સ્તુતિ :** ચાલવામાં અસમર્થ લકવાગ્રસ્ત સૈલેશને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. સતત પ્રાર્થના દ્વારા એલિસા ટીબીની બિમારીમાંથી સ્વસ્થ થઈ રહી છે. ઘણા ચર્ચ વડીલો તાલીમ દ્વારા આશીર્વાદ પામ્યા હતા. સર્પદંશમાંથી ઈશ્વરપિતાએ કલ્પેશ, વિશાલ, હાર્જી અને વિજયનો બચાવ કર્યો હતો.

**પ્રાર્થના :** ભવાની, મીરા અને કુલ્ગીને લકવામાંથી સાજાપણું મળે એ માટે. હંસદાને પગના સોજામાંથી સાજાપણું મળે એ માટે. વિશાલના પરિવારને બાળકનો આશીર્વાદ મળે એ માટે. કલ્પેશને કિડનીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### ખાનવેલ

### અરુલ અસીર અને સુગુના એલ

**સ્તુતિ :** જેઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે તેઓ જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. વસોના ગામમાં મીટીંગમાં ભાગ લેનારા ૨૫૦ યુવાનો પ્રભુ માટે જીવન સમર્પિત કરે એ માટે. ઈશ્વરપિતાએ વનિતાબેનનું સર્પદંશથી રક્ષણ કર્યું હતું. થલાવાલી ગામના રવિનાબેનને ગર્ભાવસ્થા દરમિયાના શરીરમાં પાણીનું સ્તર ઓછુ થઈ ગયું હતું, પ્રાર્થનાને કારણે હવે તેમનું સ્વાસ્થ્ય સારુ થઈ રહ્યું છે.

**પ્રાર્થના :** સરિતાબેનની સલામત પ્રસૂતિ માટે કેમકે ૧૨ વર્ષ પછી બીજા બાળકની ગર્ભાવસ્થા છે અને શરીરમાં પાણીનું સ્તર ઓછું છે. સિકદા ગામના શિવભાઈને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. મોગડમ ગામના ૧૨ વર્ષથી નિસંતાન રસિલાબેનને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. પરઝાઈ ગામના જમનીબેનને હતાશામાંથી સાજાપણું મળે એ માટે. ઉમરવાની ગામના નિલેશને કિડનીની પથરી અને તેમના પુત્રને ત્વચાના ચેપમાંથી સાજાપણું મળે એ માટે.

**26**

**AUGUST**

**મંગળવાર**

Happy Birthday

શ્રીમતી સુંધુ કોરાહ એડવિન

## મહારાષ્ટ્ર

### સુરગાના

### મેઈલસામી ટી અને યેસુમની

**સ્તુતિ :** બબલુન ગામના ચૌધરી તુકારામને પ્રાર્થના સભામાં ભાગ લીધા બાદ અને પ્રાર્થના કરાવ્યા બાદ શ્વાસ લેવાની તકલીફમાંથી સાજાપણું મળ્યું હતું. બોપરદા ચર્ચને પ્રભુના મહિમા માટે સમર્પિત કરવામાં આવ્યું હતું. આનંદ વિહિર ગામમાં મહિલા વિશ્વાસીઓ દ્વારા પ્રાર્થના જૂથ શરૂ કરવામાં આવ્યું છે. રનિરીપડા ગામમાં સુવાર્તા માટે દ્વાર ખુલ્યા છે.

**પ્રાર્થના :** બિલુરપાડા, રોહિતપાડા અને કુમરીપાડા ગામમાં પ્રાર્થના જૂથો શરૂ કરવાના પ્રયત્નો સફળ થાય એ માટે. રોહિતવીર ગામમાં સેવાકાર્યનો વિરોધ કરનારાઓ પસ્તાવો કરે અને તારણ પામે એ માટે. કોટુલા ગામના નવા વિશ્વાસીઓ પ્રભુમાં વૃદ્ધિ પામે એ માટે. આ ચોમાસા દરમિયાન આયોજીત મીટીંગ્સ અને તાલીમ કોઈપણ વિક્ષેપ વિના આગળ વધે એ માટે.

### ચોપડા

### વસાવા રમેશભાઈ અને વસાવા સુનિતાબેન

**સ્તુતિ :** એક વર્ષથી ગળામાં ગાંઠથી પીડાતા ડુલાબેન પ્રાર્થનામાં આવ્યા અને નિષ્ઠાપર્વક પ્રાર્થના કરી અને ગાંઠ અદ્રશ્ય થઈ ગઈ. ૨૬૫ છોકરાઓ અને છોકરીઓએ આઠ સ્થળોએ યોજાયેલ વીબીએસમાં ભાગ લીધો હતો અને પ્રભુના વચનો શીખ્યા હતા. ચોપડા ગામમાં ફરીથી પ્રાર્થના મીટીંગ શરૂ કરવામાં આવી છે. આ વર્ષે નવા ૧૫ બાળકોને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

**પ્રાર્થના :** આ વર્ષે છાત્રાલયમાં જે નવા બાળકો આવ્યા છે તેઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે અને અન્ય વિદ્યાર્થીઓ સાથે એકરૂપ થઈ શકે એ માટે. હોસ્ટેલ માટે સારા અને સમર્પિત પગી માટે અને છાત્રાલયમાં રસોઈયાની પત્ની સલામત રીતે પરત ફરે એ માટે.

## સાપ તમને નુકસાન પહોંચાડશે નહિ

ઓડિશાના રિમુલી ક્ષેત્રના આપણા વિશ્વાસીની પત્નીએ જંગલમાંથી લાકડા એકત્રિત કર્યા હતા. ત્યારબાદ રસોડામાં ચૂલો સળગાવવામાં તેમનો પુત્ર તેમને મદદ કરી રહ્યો હતો ત્યારે તે જાણતો ન હતો કે લાકડાના બંડલમાં સાપ છુપાયેલો છે. જ્યારે કાર્તિક રસોઈ માટે લાકડા લેવા ગયો ત્યારે તેણે તેમાં સાપ જોયો. પરંતુ ઈશ્વરપિતાની કૃપાથી કોઈને તે સાપથી નુકસાન થયું નહિ. પરિવારે ઈશ્વરપિતાની દૈવીય સુરક્ષા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરી. હાલેલુયાહ.

**27**
**AUGUST**
બુધવાર

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

Happy Birthday

શ્રીમતી શીલા વિક્ટર

## પેઈન્ટ

### એલેક્સ પ્રભુ અને પ્રિયા હેથઝી

**સ્તુતિ :** બે લોકોએ પ્રાર્થનામાં ભાગ લીધા પછી પ્રભુ માટે પવિત્ર જીવન જીવવા પોતાને સમર્પિત કર્યા હતા. શેતાનના ત્રાસને કારણે રાત્રે સૂવામાં અસમર્થ નિંગુરી, પ્રાર્થનાની બેઠક યોજ્યા પછી તેની મુશ્કેલીઓથી રાહત અનુભવે છે અને સારી રીતે સૂઈ શકે છે. કિડનીના સોજાને કારણે પેશાબ કરવામાં અસમર્થ પ્રકાશને પ્રાર્થના બાદ સાજાપણું મળ્યું હતું. વાઈથી પીડાતા કલ્પેશને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** દેવડોંગરા અને પોરપાડા ગામના ચર્ચો માટે જેની સામે હાલમાં કોર્ટ કેસ ચાલે છે અને જેઓ આરાધના સંગતનો વિરોધ કરે છે તેઓને પ્રભુનો સ્પર્શ થાય એ માટે. શાંતારામ વિશ્વાસ બનતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો, તેના સાજાપણા માટે કેમકે તેના આખા શરીરમાં પીડા થઈ રહી છે. તેના હુમલાખોરો પસ્તાવો કરે અને તેઓને પ્રભુની ઓળખ પ્રાપ્ત થાય એ માટે. ૧૦ વર્ષથી નિસંતાન અલ્કા-વિકાસને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. સાતમા ધોરણમાં અભ્યાસ કરતી સારિકાએ અચાનક સાંભળવાની શક્તિ ગુમાવી દીધી છે તે ફરીથી સાંભળી શકે એ માટે.

## બોરાડી

### ઓમપ્રકાશ અને સપના

**સ્તુતિ :** આઠ લોકોએ તેમના જૂના પાપી જીવનનો ત્યાગ કરીને પવિત્ર જીવન જીવવાનું નક્કી કર્યું હતું. ઈશ્વરપિતાએ પેગાબલ્લા ગામમાં એક નવું પ્રાર્થના જૂથ શરૂ કરવા માટે કૃપા આપી હતી. ગર્ભાશયમાં બાળકનું મોત થયા બાદ જલબીબેન તેનાથી અજાણ હતી અને ઘણા દિવસોથી જીવલેણ સ્થિતિમાં હતી, વિશ્વાસીઓએ પ્રાર્થના કરાવ્યા બાદ ઈશ્વરપિતાની કૃપાથી મૃત બાળક તેની મેળે બહાર આવ્યું હતું. જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી અને ૨૫૦ લોકોએ તેને નિહાળી હતી.

**પ્રાર્થના :** સક્કુ અને બુડાકવિહાર ગામના મુકેશ અને દીપકને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. કુટ્ટી અને જગનભાઈને શ્વાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. પિંકા અને રતનભાઈને તેમની દ્રષ્ટિ પુનઃસ્થાપિત થાય એ માટે. દુશા અને વાસીને માઈગ્રેનની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આગામી વડીલો, પ્રચારકો અને સ્થાનિક સુવાર્તિકોની તાલીમની સફળતા માટે પ્રાર્થના કરશો.

**28**
**AUGUST**
**ગુરુવાર**

Happy Birthday

શ્રી એડવર્ડ જેબાસિંહ જે.
શ્રીમતી વસાવે સુનિતા વાચ્યા

### તલસારી

### ગેલ્લમ શ્રીનિવાસ રાવ અને મેડેન્કી રાજ્યલક્ષ્મી

**સ્તુતિ :** મહિલાઓ માટેની વિશેષ સભામાં ૧૨૫ લોકોએ હાજરી આપી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ૮ માં ધોરણમાં અભ્યાસ કરતી અનિતાને સાપ કરડ્યો હતો, પ્રાર્થના કરાવ્યા બાદ તેનો બચાવ થયો હતો. નાક્સોરી અને ગોશબાદ ગામોમાં નવા પ્રાર્થના જૂથો શરૂ કરવામાં આવ્યા હતા. ચર્ચના વડીલો અને સ્થાનિક કામદારો માટે આત્મિક વૃદ્ધિ અને તાલીમ શિબિરનું સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.

**પ્રાર્થના :** પ્રાદેશિક સ્તરે યોજાનારા આગામી મેળા માટે. આવો આપણે પ્રાર્થના કરીએ કે ગામના ચર્ચોને અસરકારક રીતે સંચાલિત કરવામાં આવે અને બારાત અને ટેક્કેન ગામોમાં આરાધના જૂથો શરૂ થાય એ માટે. કુંતા દીલીપ અને કુકડુ દીલીપના પરિવારોને ઈશ્વરપિતા બાળકોનો આશીર્વાદ આપે એ માટે. આગામી ચોમાસાની ઋતુમાં ઈશ્વરપિતા સારો વરસાદ આપે એ માટે.

### ધડગાંવ

### એબેનેઝેર સેમ્યુઅલ અને જોશના જયારાની

**સ્તુતિ :** પ્રાર્થના સભામાં ભાગ લેનારા આઠ વ્યક્તિએ ખ્રિસ્તને અનુસરવાનું અને પવિત્ર જીવન જીવવાનું નક્કી કર્યું છે. ઈશ્વરે સુવાર્તાને ટિરીસ્માલ ક્ષેત્રમાં પ્રથમ વખત ઉપદેશ આપવા માટે મદદ કરી હતી.૧૫ વર્ષની દકુબાઈ ખેતરમાં કામ કરતી વખતે અજાણતા સાપ ઉચકી લીધો હતો પરંતુ ઈશ્વરપિતાની કૃપાથી સાપે તેણીને કોઈ નુકશાન પહોંચાડ્યું ન હતું. ઈશ્વરપિતી સુનિાતનીની સર્જરીને સફળ કરે એ માટે.

**પ્રાર્થના :** ટિરિસ્મલ, સેલપરા, કટારા, ઉમ્ડી અને બંબારીના ગ્રામજનો ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે પરંતુ ડરના કારણે આરાધના સંગતમાં આવવામાં અચકાતા હોય છે. ઈશ્વરપિતા તેમનો ડર દૂર કરે એ માટે. ૪૫ વર્ષીય કાનજીભાઈ બોલવામાં અસમર્થ છે, તેમની બોલવાની શક્તિ પાછી આવે એ માટે. કોસાડિયાબેનને ગંભીર ડાયેરિયાની તકલીફમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે.

29
AUGUST
શુક્રવાર

મન્ડાના

### ગોડિસેલા પ્રવીણ અને ઈડિગિનાલા મોનિકા

**સ્તુતિ :** ૧૨ વર્ષની છોકરી કરીનાના નિષ્ક્રિય અંગો માટે વિશ્વાસીઓ અને મિશનરીઓએ પ્રાર્થના કરતા તેને સાજાપણું મળ્યું હતું. કુલબાહીને શ્વસનની સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું. ધનસિંહે પ્રભુનો સ્વીકાર કર્યા પછી તેમના પરિવારમાં પુત્રનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો

**પ્રાર્થના :** કલામ્બા ચર્ચનું બાંધકામ ઝડપથી પૂર્ણ થાય એ માટે. બાનુભાઈના સાજાપણા માટે જેમણે પૂજાવિધિ કરાવવા પાછળ સાત લાખ રૂપિયા ખર્ચ્યા હતા. રુનાભાઈને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા સકુલાલને દિલાસો આપવા માટે જેણે તેની માતાને ગુમાવી દીધી હતી.

## કર્ણાટક

હલીયલ / ખાનપુર

### થાંગલ ઝોઉ અને નેમઝવાહ

**સ્તુતિ :** જિન્નાપ્પા, તાંગગીઆવા, સ્વર્ના, હનુમાનપ્પા અને નાગેશે વિશ્વાસની જાહેર કબૂલાતમાં ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. ૩ વર્ષીય સામન્તાએ ભૂલથી સૂર્યમુખીના બીજ ગળી ગઈ હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડતા દવાખાનામાં દાખલ કરી હતી, ઈશ્વરપિતાની કૃપાથી તેણીને સાજાપણું મળ્યું હતુ. ઈવેન્જલીનાને સલામત પ્રસૂતિનો આશીર્વાદ મળ્યો હતો. સૌભાગ્યાને લાંચ આપ્યા વિના આંગણવાડી કાર્યકર તરીકે નોકરી મળી હતી. આભારસ્તુતિની નિશાની તરીકે તેણે પ્રભુના કાર્ય માટે પ્રથમ મહિનાનો પગાર આપ્યો હતો. કાનૂની કેસ સફળતાપૂર્વક લડવા માટે આપણા ચર્ચમાં એક નવા સંપર્ક તરીકે પ્રશાંત મળ્યા છે. મડનાલ્લીમાં નવા આરાધના જૂથમાં ૧૦ લોકો ભાગ લે છે.

**પ્રાર્થના :** ૫ વર્ષની રુથને સ્નાયુની નબળાઈને કારણે ઊભા રહેવા અથવા ચાલવામાં અસમર્થ છે તેના સાજાપણા માટે અને તેનો પરિવાર પ્રભુનો સ્વીકાર કરે એ માટે. શોભાને તેના કામના છેલ્લા ૪ મહિનાનો પગાર તેને મળે એ માટે. સ્થાનિક અધિકારીઓ તરફથી વાંધા પ્રમાણપત્ર જારી કર્યા પછી નંદગડમાં ચર્ચનું નિર્માણ કાર્ય થાય એ માટે. લક્ષ્મી, પ્રેમા, મંજુલા અને રીમાને બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. મડનાલ્લીમાં આરાધના કેન્દ્રની સંખ્યામાં વૃદ્ધિ થાય અને ખ્રિસ્ત ઈસુમાં તારણસાધક વિશ્વાસમાં દોરી જાય એ માટે.

**30 AUGUST**
**શનિવાર**

## માલુર

### કિશન્તા લિમ્મા અને પ્રમિલા સિંહ

**સ્તુતિ :** અલમબાડી ચર્ચની ૨૩ મી માર્ચ વર્ષગાંઠ ઈશ્વરના આભાર સાથે ઉજવવામાં આવી હતી અને ઘણા લોકોએ તેમાં ભાગ લીધો હતો. વિશ્વાસીઓના જૂથમાં એક આત્મા ઉમેરવામાં આવ્યો હતો. જીપ ટીમ સેવાકાર્ય કોઈપણ અવરોધ વિના કરવામાં આવ્યું હતું અને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઘણા લોકોને નવા કરાર અને બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રિયા સારા જીવનસાથીને શોધવામાં સક્ષમ બની હતી.

**પ્રાર્થના :** જેઓ પ્રથમ વખત સુવાર્તા સાંભળી છે તેઓ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે અને તેઓ જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. અલમબાડી ચર્ચને લગતી જમીનના પ્રશ્નનો ઉકેલ આવે એ માટે. મિશનરીના ભાઈ નાગેશ યોગ્ય જીવનસાથી શોધવા સક્ષમ થાય એ માટે. આપણા વિશ્વાસીઓ દેવામાંથી મુક્ત થાય એ માટે.

## શિગગાંવ

### નરેન્દ્ર કુમાર અને કાજલ કે.એમ.

**સ્તુતિ :** ૩૩૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી અને ૨ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ૪૮ નવા કરાર અને ૮ બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આપણા વિશ્વાસી આકાશ તેમની પોતાની સ્વેચ્છાએ મિશનરીની તાલીમ લઈ રહ્યા છે. ઈશ્વરપિતાની કૃપાથી આપણા મિશનરીના લગ્ન કોઈપણ મુશ્કેલી વિના ખ્રિસ્તી વિધિ પ્રમાણે સંપન્ન થયા હતા.

**પ્રાર્થના :** શિગગાંવ ક્ષેત્રમાં થયેલ હત્યાને કારણે અહીં રહેતા લોકોના હૃદયમાં ડર છે. સુરેશને લકવામાંથી અને અર્પિતાને શરીરની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. આપણા નવા વિશ્વાસી યસુવંતને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. એનએસએમ પ્રોજેક્ટ હેઠળના બાળકો માટે, જે તેમને પૂરી પાડવામાં આવેલી બધુ સુવિધાઓ દ્વારા ફાયદો થાય છે અને તેમ છતાં ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકારવાનો ઈનકાર કરે છે. દફન માટે ઉપયોગમાં લેવાતા અધિકારીઓ પાસેથી યોગ્ય જમીન ખરીદવા માટે.

**31 AUGUST**
**રવિવાર**

Happy Birthday

શ્રી ક્રિસ્ટોફર પી.જી.
શ્રી બાલાજી યેસુધાસન જી.
શ્રી રંજન ખાસલા

## આંધ્રપ્રદેશ

### પાલમનેર

### કુપ્પુસ્વામી પી. અને શાયલા કે.

**સ્તુતિ :** કોલમાસનાપલ્લીમાં આયોજીત ઉપવાસ સહિતની પ્રાર્થનામાં ઘણા લોકોએ ભાગ લીધો હતો અને રાષ્ટ્ર માટે પ્રાર્થના કરી હતી. ૩ વ્યક્તિઓએ તેમના જૂના જીવનનો ત્યાગ કર્યો છે. ઈશ્વરપિતા વેંકલક્ષ્મીને કેન્સરની સર્જરી પછી સાજાપણું આપે એ માટે. દરરોજ સવારે ૫ કલાકે આયોજીત ઝૂમ પ્રાર્થનામાં ઘણા લોકો ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** કંચના, માલવિકા, સરસ્વતી, લાથા અને સિરુવનીએ સરકારી પરીક્ષા આપી છે તેઓને સકારાત્મક પરિણામો મળે એ માટે. રુથ નારાયણમ્માને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા વિધવા દીપમ્માને સહાય કરે એ માટે જે શારીરિક રીતે બિમાર અને કૌટુંબિક આર્થિ સમસ્યાથી પીડીત છે. ઈશ્વરપિતા આપણા નવા વિશ્વાસી સુબ્રમણિને દિલાસો આપે એ માટે જેમણે તેમની પત્ની ગુમાવી છે. થાલાપલ્લી ચર્ચ કમ્પાઉન્ડની દીવાલનું નવીનીકરણ કામ ટૂંક સમયમાં પ્રારંભ કરવા માટે.

## તમિલનાડુ

### મેચેરી

### ધર્મરાજ અને મારિયા સેલ્વી

**સ્તુતિ :** ડ્યુરાઈસા ઉત્સાહપૂર્વક સેવાકાર્યમાં મદદ કરે છે. ૨ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ગયા મહિને કરવામાં આવેલ સેવાકાર્યમાં ઈશ્વરપિતાએ તેમની કૃપા દર્શાવી હતી અને મિશનરીઓની સુરક્ષા કરી હતી.

**પ્રાર્થના :** નાલાગુંડનૌરના વેંકટેશે કરાવેલી માથાની સર્જરીમાંથી ઈશ્વરપિતા તેને સાજાપણું આપે એ માટે. મહેશ્વરીએ તેમના પતિ ગુમાવ્યા છે અને ૨ નાના બાળકો સાથે રહે છે, તેને સારી નોકરી મળે એ માટે. શ્રી રંજનીને હતાશામાંથી સાજાપણું મળે એ માટે. તામરાય સેલ્વને યોગ્ય જીવનસાથી મળે એ માટે. સેલ્વરાજ, સેલ્વનાયગમ, થામ્બીદુરાઈ અને નલ્લાથામ્બીને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે.

408

**મિશનરી આલ્બમ**



## શ્રી એ. રામક્રિષ્ન એલિયા અને શ્રીમતી અંજલિ બંટુમિલિ

શ્રી એ. રામક્રિષ્ન એલિયાનો જન્મ ૫-૪-૧૯૮૨ ના રોજ આંધ્રપ્રદેશના એલુરુમાં શ્રી વેંકટેશ્વર રાવ અને શ્રીમતી રંગમ્માના પરિવારમાં થયો હતો. તેમના પિતાના મૃત્યુ અને તેમની માતાના પુનર્લગ્ન પછી, તેમનો ઉછેર તેમના દાદા-દાદી દ્વારા કરવામાં આવ્યો હતો. ૧૯૯૫ માં, તેમણે પાળક આઈ. જયારાજુની આગેવાની હેઠળની પ્રાર્થના મીટીંગમાં તેમની દાદી સાથે ભાગ લેવાનું શરૂ કર્યું. બિન-ખ્રિસ્તી પૃષ્ઠભૂમિમાંથી આવવા છતાં, તેમણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો, તારણ પ્રાપ્ત કર્યું હતું અને ૨૪-૧-૧૯૯૬ ના રોજ બાપ્તિસ્મા લીધું હતું અને ‘એલિયા’ નામ રાખ્યું હતું. પાળક જયારાજુએ તેમને આત્મિક પોષણ આપ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી, તેમણે તેમના માસ્ટર ડીગ્રી અને બી.એડ.નો અભ્યાસક્રમ પર્ણ કર્યો હતો, શરૂઆતમાં તે શિક્ષક બનવાની ઈચ્છા રાખતા હતા, પરંતુ પાછળથી ઈશ્વરપિતાએ તેમને સુવાર્તા પ્રચાર માટે તેડુ આપ્યું હતું. શ્રી રામકિષ્ન શહીદોની વાતો સાંભળીને મોટા થયા હતા. ખ્રિસ્ત ખાતર તેઓ મૃત્યુની પીડા કેવી રીતે સહન કરી શકે છે તે અંગે તેમનુ હૃદય આશ્ચર્યથી ભરાઈ ગયું હતું. ૨૦૧૦ માં તેમણે આઈઆઈએમ સ્ટેટ મિશન કોન્ફરન્સમાં ભાગ લીધો હતો જે એલુરુમાં આયોજીત થઈ હતી. તેમણે યશાયા ૪૧:૯ અને ૧૦ “મેં તમને પસંદ કર્યા છે” વચન દ્વારા ઈશ્વરનું તેડું સાંભળ્યું, અને તેમનું જીવન પ્રભુ માટે સમર્પિત કર્યું. સ્વ શ્રીમતી સમદાનમ્મા અને સ્વ. કે. ઈઝરાએલે તેમને એફએમપીબીમાં જોડાવા દોરવણી આપી હતી. ૧૭ જૂન ૨૦૧૦ ના રોજ શ્રી રામક્રિષ્ન એફએમપીબીમાં જોડાયા હતા. તેમણે ઓગસ્ટ, ૨૦૧૦ સુધી ઓડિટ ઓફિસમાં કામ કર્યું. ત્યારબાદ તેમણે ૨૦૧૦ અને ૨૦૧૧ ની વચ્ચે તેમની NIM તાલીમ લીધી. તેમની પ્રથમ નિમણૂંક ઝારખંડના હંસદીહા ક્ષેત્રના સંતાલ લોકજૂથ મધ્યે થઈ હતી. તે પછી તે ૨-૮-૨૦૧૨ ના રોજ કુ. અંજલિ બંટુમિલ્લી સાથે લગ્નમાં એક થયા હતા.

શ્રીમતી અંજલિ બંટુમિલ્લીનો જન્મ ૩૦-૫-૧૯૮૫ ના રોજ આંધ્રપ્રદેશના ગોદાવરી જીલ્લાના ગુડિપાડુ ગામમાં રોમન કેથોલિક પરિવારમાં થયો હતો. તેમની એક બહેન અને એક ભાઈ છે અને એમસીએની ડિગ્રી ધરાવે છે. સામાન્ય ખ્રિસ્તી હોવા છતાં, હૈદરાબાદમાં પ્રોજેક્ટનું કામ કરતી વખતે તેમનું જીવન બદલાઈ ગયું હતું, જ્યાં તેમણે પ્રોટેસ્ટંટ ચર્ચમાં ભાગ લીધો હતો. યોહાન ૩:૧૬ વચને તેમના હૃદયને સ્પર્શ કર્યો અને તેમણે પોતાનું જીવન સેવાકાર્ય માટે સમર્પિત કર્યું હતું. એક મિત્રના ઘરે તેમને મળેલા એફએમપીબી મેગેઝિનથી પ્રેરાઈને, તેણીને આદીવાસી સમુદાયોમાં સેવા આપવા માટે તેડુ મળ્યું હતું. શ્રીમતી અંજલિ ૨૦૧૨ માં એફએમપીબીમાં જોડાયા હતા અને લગ્ન પછી, એનઆઈએમ તાલીમનું એક વર્ષ થયું હતું, જ્યારે શ્રી રામક્રિષ્ન એક વર્ષ માટે એનઆઈએમ સ્ટાફ તરીકે સેવા આપી હતી. ૨૦૧૩ માં, તેઓને છ મહિના સુધી સંતાલ લોકજૂથ મધ્યે પશ્ચિમ બંગાળના સામસી ક્ષેત્રમાં મૂકવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૧૪ થી ૨૦૨૦ સુધી, તેઓએ ઈટાહારમાં ક્ષેત્રના અગ્રણી તરીકે સેવા આપી હતી. ૨૦૨૦ થી, તેઓ પકુઆહટ ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે. શ્રી રામક્રિષ્નને ૧૧-૧૨-૨૦૨૪ ના રોજ એન.ઈ.એલ. દુમકા ડાયોસિસ દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ઈશ્વરપિતાએ શ્રી રામક્રિષ્ન અને શ્રીમતી અંજલિને બે બાળકોનો આશીર્વાદ આપ્યો છે. તેમનો પુત્ર એ. જીવન પ્રિન્સ (૧૦-૮-૨૦૧૩) ધો.૬ માં અને તેમની પુત્રી એ. જીવન આરાધ્યા (૨૨-૧-૨૦૧૬) ધો. ૪માં અભ્યાસ કરે છે. બંને સંતોષ વિદ્યાલયમાં અભ્યાસ કરે છે. આવો આપણે આ મિશનરી પરિવારને અને તેમના વિશ્વાસુ સેવાકાર્યને આપણી પ્રાર્થનાઓમાં યાદ રાખીએ.

409

મિશનરી આલ્બમ



## શ્રી મુથુકુમાર એમ. અને શ્રીમતી નેત્રાવતી પરિવાર


શ્રી મુથુકુમારનો જન્મ ૧૮-૫-૧૯૮૫ ના રોજ શ્રી મસાનામ અને શ્રીમતી ઈસાકિમ્મલના પરિવારમાં તમિલનાડુના રાધાપુરમ તાલુકાના અલાગેનેરી ગામમાં થયો હતો. તેમના બાળપણને તેમના પિતાના દારૂના વ્યસનને કારણે ખૂબ અસર થઈ, જેણે તેમની શાંતિ હણી લીધી. જો કે, સાથી વિદ્યાર્થીઓના પ્રભાવ દ્વારા, તેમણે તારણનો આનંદ અનુભવ્યો. તેમણે ૨૦૦૩ માં સ્થાનિક મંડળીમાં બાપ્તિસ્મા લીધું હતું અને બાળકોના સેવાકાર્ય અને પ્રચારમાં સક્રિયપણે રોકાયેલા હતા. મંડળીમાં યુવાનોની બેઠકો દ્વારા ખોવાયેલા આત્માઓ માટે તેમને બોજ હતો. બ્રધર આર. સ્ટેનલીનું મિશનરી દર્શનનું પુસ્તક વાંચ્યા પછી, તે ઉત્તર ભારતના ઘણા જીલ્લાઓ, તાલુકા અને ગામોથી વાકેફ થઈ ગયા જ્યાં એક પણ મંડળી ન હતી. આ દર્શન સાથે, તે ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૬ ના રોજ એફએમપીબીમાં જોડાયા અને જમ્મુ કાશ્મીરના નૌશેરા ક્ષેત્રમાં તેમના મિશનરી પ્રવાસની શરૂઆત કરી.

શ્રીમતી નેત્રાવતીનો જન્મ ૧૦-૬-૧૯૮૭ ના રોજ કાલિંગવરામ ગામ, સુલાગિરી તાલુકા, કૃષ્ણગિરી જીલ્લામાં થયો હતો, જે શ્રી નરસિમ્હન અને શ્રીમતી પંકજાની બે પુત્રીઓમાં સૌથી મોટી હતી. તેણીએ બે વર્ષની ઉંમરે તેમના પિતાને ગુમાવ્યા હતા, તે કુટુંબના શ્રાપને કારણે હોવાનું માનવામાં આવે છે. તારણની શોધમાં, તેના પરિવારે ઘણા મંદિરોની મુલાકાત લીધી, પરંતુ શાંતિ મળી નહીં. એફએમપીબી મિશનરી રેવ. એડવિનના સેવાકાર્ય દ્વારા તેમને તારનાર ઈસુ ખ્રિસ્તની સાચી ઓળખ થઈ હતી અને ૧૯૯૫ માં બાપ્તિસ્મા લીધું હતું. અન્યવિશ્વાસી પરિવારો સાથે, એફએમપીબી હેઠળ એક મંડળી સ્થાપવામાં આવી હતી, જ્યાં તેઓ પ્રભુની આરાધના કરતા હતા. તેમણે ઈડાયંગુડીમાં એફએમપીબી છાત્રાલયમાં તેની શાળા પૂર્ણ કરી. અભ્યાસ કરતી વખતે તેને સુવાર્તા રથમ પ્રોગ્રામ દ્વારા ઉત્તર ભારતીય મિશન માટે બોજો મળ્યો અને ૨૦૦૭ માં એફએમપીબીમાં જોડાયા. તેમણે મહારાષ્ટ્રના એટાપલ્લીમાં બાળકોની હોસ્ટેલમાં પોતાનું સેવાકાર્ય શરૂ કર્યું.

ઈશ્વરની યોજના મુજબ, મુથુકુમાર અને નેત્રાવતી ૨૪-૫-૨૦૧૦ ના રોજ લગ્નમાં એક થયા હતા. ત્યારથી, તેઓ પોખરિયાન ક્ષેત્ર, ઉત્તર પ્રદેશ (૨૦૧૧ – ૨૦૧૩) જેવા ક્ષેત્રોમાં વિશ્વાસપૂર્વક પ્રભુનું સેવાકાર્ય કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળના સુંદરવન ક્ષેત્રમાં (૨૦૧૩ – ૨૦૧૫) અને ૨૦૧૫ થી, અમ્બિકાપુર, ભાઈથાન અને સીતાપુર જેવા સેવા ક્ષેત્રોમાં છત્તીસગઢ રાજ્યમાં ગોંડ, ઓરાઓન અને કોરવા લોકજૂથો મધ્યે સેવાકાર્ય કરી રહ્યા છે.

ઈશ્વરપિતાએ તેઓને બે બાળકોનો આશીર્વાદ આપ્યો છે. તેમની પુત્રી, એસ્તર પ્રિસિલા (૧૭-૩-૨૦૧૧) હાલમાં ૧૦ માં ધોરણમાં અભ્યાસ કરે છે. તેમનો પુત્ર, અગાબસ મેશાચ (૬-૮-૨૦૧૩), સંતોષ વિદ્યાલયમાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરે છે.

કૃપા કરીને તેઓના ફળદાયી સેવાકાર્ય અને તેમના બાળકોના શિક્ષણ માટે તમારી પ્રાર્થનાઓમાં આ પરિવારને ટેકો આપશો.




***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***